પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૬૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૮-૦૨-૨૦૨૩ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# મેઘાલય-નાગાલેન્ડમાં મતદાન સમાપ્ત : નાગાલેન્ડમાં ૮૧.૯૪% અને મેઘાલયમાં ૭૪.૩૨% મતદાન

શિલોન્ગ,

મેઘાલય અને નાગાલેન્ડમાં વિધાનસભાની ચૂંટણીનું મતદાન સવારે ૭ વાગ્યાથી શરુ થયું હતું. મેઘાલયની ૫૯ અને નાગાલેન્ડમાં ૫૯ વિધાનસભાની બેઠકો માટે મતદાન થયું હતું. ૨ માર્ચે ચૂંટણીનું પરિણામ જાહેર થશે. નાગાલેન્ડમાં ૬૦ બેઠકો છે, પરંતુ એક સીટ પર કોંગ્રેસના ઉમેદવારે પોતાનું નામ પાછું ખેંચી લીધા બાદ ૫૯ બેઠકો પર મતદાન યોજાઈ છે. જ્યારે મેઘાલયમાં યુડીપીના ઉમેદવાર એચ.ડી.આર. લિંગદોહના મૃત્યુ બાદ સોહિયોંગની ચૂંટણી સ્થગિત કરવામાં આવી છે.

મેઘાલયમાં ૮૧.૯૪% અને નાગાલેન્ડમાં ૭૪.૩૨% મતદાન નોંધાયું છે. મેઘાલય અને નાગાલેન્ડ બંને રાજ્યોમાં ૬૦-૬૦ વિધાનસભા બેઠકો છે, પરંતુ આ વખતે મેઘાલય અને નાગાલેન્ડમાં ૫૯-૫૯ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. બંને રાજ્યોમાં ૪૦ મહિલા ઉમેદવારો સહિત કુલ ૫૫૯ ઉમેદવારો મેદાનમાં છે. બીજી તરફ ચાર રાજ્યો- તમિલનાડુ, અરુણાચલ પ્રદેશ,પશ્ચિમ બંગાળ અને ઝારખંડની વિધાનસભા બેઠકો પર પણ આજે પેટાચૂંટણી યોજાઈ હતી.

મતદાન દરમિયાન નાગાલેન્ડમાં મોકોકચુંગ જિલ્લાના ઉમાબસ્તી વિસ્તારમાં અલોગતાકિ મતદાન કેન્દ્ર પર મતદાન દરમિયાન પથ્થરમારો



થયો છે. મતદાન અટકાવવામાં આવ્યું હતું નાગાલેન્ડમાં ભંડારી મતદાન કેન્દ્ર પર ફાયરિંગ કરવામાં આવ્યું છે. જેમા એનપીપીનો કાર્યકર ઘાયલ થયો હતો જયારે કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડયાના અહેવાલો મળ્યા હતાં મતદાન સવારે શરૂ થાય તે પહેલા જ મતદારોની લાઈનો લાગી ગઈ હતી હાલમાં બંને રાજ્યોમાં ભાજપની ગઢબંધનની સરકાર છે. મેઘાલયમાં નેશનલ પીપલ્સ પાર્ટીએ ભાજપની સાથે મળીને સરકાર બનાવી છે, પરંતુ આ વખતે બંને પાર્ટીઓ અલગ-અલગ ચૂંટણી

## બંગાળ સહીત ૩ રાજ્યોની ૩ બેઠકો પર પણ મતદાન

લડી રહી છે. જ્યારે, નાગાલેન્ડમાં નેશનાલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી અને ભાજપની ગઠબંધન સરકાર છે. આ વખતે બંને પાર્ટીઓ સાથે મળીને ચૂંટણી લડી રહી છે.

મતદાન દરમિયાન મેઘાલયના મોથેંગકુટમાં ઈકો ફ્રેન્ડલી મોડલ મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું મતદાન કરવા પહોંચેલા પ્રથમ પાંચ લોકોને સ્મૃતિચિહ્ન આપવામાં આવ્યું હતું.નાગાલેન્ડના શમાતોર જિલ્લામાં મતદાન કરવા મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતાં અને મતદાન કેન્દ્રો પર લોકોની લાંબી લાઈનો લાગેલી જોવા મળી હતી નાગાલેન્ડના શમાતોર જિલ્લામાં એક યુવતી પોતાના ડોગને લઈને લાઈનમાં ઉભી હતી. મેઘાલયના પિન્થોરમાખરાનથી ભાજપના ઉમેદવાર અલ હેકના પૂર્વ ખાસી હિલ્સમાં મતદાન કરવા પહોંચ્યા હતા.

રાજયમાં કુલ ૧૩ લાખ મતદારો હતાં જયારે ૫૯ બેઠકો માટે ૨૩૧૫ મતદાન કેન્દ્ર પર મતદાન કરવામાં આવ્યું હતું મતદારોએ ૧૮૩ ઉમેદવારો મેદાનમાં હતાં જેમાં ૪ મહિલા અને ૧૯ અપક્ષ ઉમેદવાર સામેલ છે.જેમના ભાવિ ઈવીએમ મશીનમાં મતદારોએ સીલ કર્યા છે.

મેઘાલય અને નાગાલેન્ડમાં વિધાનસભાની ચૂંટણી નિષ્પક્ષ યોજાય તે માટે તંત્રે સરહદો સીલ કરી દેવામાં આવી હતી જયારે મેઘાલયમાં સીઆરપીએફની ૧૧૯ અને નાગાલેન્ડમાં ૩૦૫ કંપનીઓ તહેનાત કરાઈ કરાઈ હતી. સવારે નવ વાગ્યા સુધીમાં મેઘાલયમાં ૧૨% અને નાગાલેન્ડમાં ૧૫% થી વધુ મતદાન નોંધાયું હતું. જ્યારે ૧૧ વાગ્યા સુધીમાં મેઘાલયમાં ૨૬.૭૦% અને નાગાલેન્ડમાં ૩૫.૨૪% મતદાન થવા પામ્યું છે.

મેઘાલયના મુખ્ય ચૂંટણી અધિકારી એફઆર ખારકોંગરે જણાવ્યું હતું કે ગારો હિલ્સના ફુલબારીમાં બે પક્ષોના સભ્યો વચ્ચે થયેલી અથડામણમાં ૩૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મેઘાલયમાં ૩૩ કરોડ રૂપિયાના ડ્રગ્સ અને અન્ય વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. ચૂંટણી પંચે બાંગ્લાદેશ સાથેની ૪૪૩ કિલોમીટર લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ અને આતરરાજ્ય સરહદોને ૨૪ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધી સીલ રાખવાનો આદેશ આપ્યો છે.

# ૧.૨૭ લાખ ગુજરાતીઓએ સાયબર બેંક ફ્રોડમાં રૂા.૮૧૫ કરોડ ગુમાવ્યા

અમદાવાદ,

ગુજરાત સહિત દેશમાં વધતા જતા સાયબર ક્રાઈમ સામે હવે રાજયમાં સીઆઈડીએ આકરા પગલા લઈને રાજયની જનતાની સાથે રૂા.૮૧૫ કરોડની છેતરપીંડી તથા નાણાકીય ઉચાપત કરનાર ૩૦ હજારથી વધુ સીમકાર્ડનો ઉપયોગકર્તાને બ્લેક લીસ્ટેડ કર્યા છે. મોબાઈલ પર સર્જીકોલ એસએમએસ કે અન્ય રીતે મોબાઈલ ધારકને તેના આધાર અપગ્રેડેશન અથવા બેંક કેવાયસી અપગ્રેડેશન સહિતના મુદે છેતરીને તેના બેંક ખાતામાંથી જંગી નાણા ઉચાપત કરવાના સતત વધતા જતા કેસમાં ૨૦૨૦થી અત્યાર સુધીમાં ગુજરાતમાં ૧.૨૭ લાખ લોકો સાથે ૮૧૪.૮૧ કરોડની છેતરપીંડી થઈ છે.

જેમાં અનેકની જીવનભરની બચત પણ ઉપડી ગઈ છે અને દર એક કલાકે ગુજરાતમાં પાંચ લોકો સાથે



સાયબર ક્રાઈમ થાય છે. ગુજરાત પોલીસની સીઆઈડી ક્રાઈમ યુનીટે અત્યાર સુધીમાં ૩૦૦૧૯ મોબાઈલ ઉપયોગકર્તાને તેના સીમકાર્ડના આધારે બ્લોક કર્યા છે. મોટાભાગના મોબાઈલ નંબર રાજસ્થાનના મેવાડ, અલવર, ભરતપુર ઉપરાંત ઉતરપ્રદેશના મીરઠ, ગાઝીયાબાદ, નોયડા અને પશ્ર્ચિમબંગાળના ગ્રામીણ વિસ્તારમાં મેળવાયેલા સીમકાર્ડના આધારે ઓપરેટ કરાતા હતા. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલીકોમ્યુનીકેશન દ્વારા આ પ્રકારના શંકાસ્પદ મોબાઈલનું રીવેરીફીકેશન પણ કરાવવામાં આવ્યુ હતું જેમાં ૭૫ ટકા તો ડીએકટીવેટેડ હતા.

આ અંગે સાયબર ઓપરેશનના નિષ્ણાંત મુકેશ ચૌધરીના જણાવ્યા પ્રમાણે આ પ્રકારના કૌભાંડ કરનાર પ્રી-એકટીવેટેડ મોબાઈલ સીમકાર્ડ મેળવે છે અને તેની આખી ગેંગ ચાલે છે અને તેઓ બીજા રાજયોમાં આ પ્રકારના અપરાધો આચરે છે. તેઓ માને છે કે પોલીસ હજારો કિલોમીટર દૂર જઈને નાની રકમ માટે તપાસ નહી કરે અને નાણા ગુમાવનાર પણ થોડીક ઓછી રકમ હશે તો પોલીસ ઝંઝટમાં નહી પડે.

વાસ્તવમાં સૌથી મોટી મુશ્કેલી સાયબર ક્રાઈમ અને આ પ્રકારના ફાઈનાન્સીયલ ફ્રોડ માટે અલગથી કોઈ કાનૂન નથી અને તેથી નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોમાં આ પ્રકારના ગુન્હાઓ સૌથી ઓછા નોંધાય છે. ગુજરાતમાં ૨૦૨૩માં પ્રથમ ૩૪ દિવસમાં આ પ્રકારે રોજના સરેરાશ રૂા.૧.૩૭ કરોડની સાયબર છેતરપીંડી થઈ છે જેમાં મોટાભાગની નાની રકમ હોય છે અને તેઓ મોબાઈલ ધારકને આસાનીથી પોતાની જાળમાં લઈ લે છે.

## પહેલા અધ્યક્ષને જ ભુલી ગઈ

# કોંગ્રેસની જાહેરાતમાં મૌલાના આઝાદની તસવીર ન થવા ઉપર સવાલો ઉઠયા

રાયપુર,

કોંગ્રેસના ૮૫માં મહાઅધિવેશ રાયપુરમાં યોજાયું આ વચ્ચે કોંગ્રેસની એક જાહેરાત સોશલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.જેમાં કોંગ્રેસના પહેલા અધ્યક્ષ મૌલાના આઝાદની તસવીર ન હોવા પર લોકોએ સવાલ ઉઠાવ્યા છે.જો કે કોંગ્રેસે તેને પોતાની ભુલ મીની માફી માંગી છે અને તેના પર તપાસની વાત કહી છે.કોંગ્રેસ નેતા જયરામ રમેશે ટ્વીટ કરી મોલાના આઝાદની તસવીર ન લદાવવા પર પાર્ટીનો પક્ષ રાખ્યો છે.




કોંગ્રેસ તરફથી એક જાહેરાત જારી કરવામાં આવી જેમાં કોંગ્રેસના તમામ નેતાઓની તસવીર હતી પરંતુ પાર્ટીના પહેલા અધ્યક્ષ મૌલાના આઝાદની તસવીર લગાવવામાં આવી ન હતી સોશલ મીડિયા પર તમામ લોકોએ તેના પર સવાલ ઉઠાવ્યા અને કોંગ્રેસ પર કટાક્ષ કરવાનું શરૂ કરી દીધુ ત્યારબાદ વરિષ્ઠ નેતા જયરામ રમેશે ટ્વીટ કરી સ્પષ્ટા કરી છે. યુઝરે જાહેરાતને શેયર કરી લખ્યું કે પી વી નરસિંહરાવને જગ્યા મળી પરંતુ મૌલાના આઝાદ છુટી ગયા અન્યે લખ્યું કે ૧૩૭ વર્ષની કોંગ્રેસ યાત્રા મૌલાના આઝાદ વિના તમે પુરી કરી લીધી રાહુલ.કોંગ્રેસના પહેલા અધ્યક્ષ હતાં મૌલાના આઝાદ.કોંગ્રેસને પોતાના લોહીથી સિંચન કર્યુ અને રાહુલ ગાંધી તમને લાગે છે કે મૌલાનાનો ઉલ્લેખ કર્યા વિના તમે ૨૦૨૪માં સત્તા આવશો એક યુઝરે લખ્યું કે કોંગ્રેસે ૧૩૭ વર્ષની સફરની જે જાહેરાત જારી કરી તેમાં મૌલાના અબ્દુલ કલામ આઝાદ સુધીની તસવીર નથી . જયારે અન્ય એક યુઝરે લખ્યું કે તેનાથી વધુ શર્મનાક વાત અન્ય શું હોઈ શકે કે કોંગ્રેસ પોતાની ૧૩૭ વર્ષોની વિકાસ યાત્રામાં બદરૂદીન તૈયબજી,ડો જાકિર હુસેન,મુખ્તાર અંસારી અને મૌલાના અબુલ કલામ આઝાદના યોગદાનને ભુલી ગઈ છે બતાવો આ ભુલ છે કે રણનીતિ. કોંગ્રેસની જાહેરાતમાં ગાંધીથી લઈ રાહુલ સુધી મોજુદ છે પરંતુ મૌલાના આઝાદ,રફી અહમદ કિદવાઈ ડો જાકિર હુસૈન ફખરૂદીન અલી અહમદ કોઈ પણ મુસ્લિમ નેતા કે સ્વતંત્રતા સેનાની યાદ આવી નહીં ધુતકાર છે કોંગ્રેસ પર અને કોંગ્રેસીઓ પર એ યાદ રહે કે આ જાહેરાત પર સવાલ ઉઠાવવા પર જયરામ રમેશે ટ્વીટ કરી લખ્યું છે કે કોંગ્રેસ દ્વારા જારી એક જાહેરાતમાં મૌલાના આઝાદની તસવીર ન હતી આ એક ક્ષમા ન કરવા યોગ્ય ભુલ છે.તેની જવાબદારી નક્કી કરવામાં આવી રહી છે અને કાર્યવાહી કરવામાં આવશે અમે દિલથી માફી માંગીએ છીએ.તે અમારા અને સમગ્ર ભારત માટે એક પ્રતિષ્ઠિત અને પ્રેરક વ્યક્તિ બની રહેશે.

# છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને પેટ્રોલમાં ૧૨૦૪૮ કરોડ તથા ડિઝલમાં ૨૬૬૮૨ કરોડની આવક થઈ

ગાંધીનગર,

ગાંધીનગરમાં વિધાનસભાનું સત્ર શરૂ થઈ ગયું છે. આ સત્ર દરમિયાન રાજ્ય સરકારે એક સવાલના જવાબમાં જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને પેટ્રોલમાંથી ૧૨૦૪૮.૭ કરોડ તથા ડિઝલમાં ૨૬૬૮૨ કરોડની આવક થઈ છે. જયારે સીએનજીથી ૩૮૯ કરોડ અને પીએનજીથી ૧૨૬ કરોડની થઈ આવક થવા પામી છે. રાજય સરકાર પેટ્રોલ પર ૧૩.૭ ટકા જયારે ડીઝલ પર ૧૪.૯ ટકા તથા સીએનજી અને પીએનજી પર ૧૫ ટકા વેરો વસૂલે છે. રાજય સરકારે વિધાનસભા ગૃહમા એક સવાલના જવાબમાં લેખિતમાં જણાવ્યું હતું કે, પેટ્રોલમાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૨ સુધી માં ૬૦૪૦.૦૧ કરોડ ની આવક થઈ, જ્યારે ડીઝલમાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ સુધીમાં. ૧૨૭૩૧.૭૯ કરોડ રૂપિયાની આવક થઈ છે. CNGમાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૨ સુધીમાં ૧૯૧.૭૫ કરોડ રૂપિયા ની આવક થવા પામી છે. જ્યારે PNG વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૨ સુધીમાં ૬૮.૩૧ કરોડની આવક થઈ. રાજ્ય સરકારે સવાલના જવાબમાં વધુમાં જણાવ્યું હતું કે, પેટ્રોલમાં વર્ષ ૨૦૨૨થી ૨૩ સુધીમાં ૬૦૦૮.૬૯ કરોડ, ડીઝલમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૩માં કુલ ૧૩૯૫૧.૨૭ કરોડની આવક થવા પામી છે. CNGમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૩ માં કુલ ૧૯૮.૪૪ કરોડ તથા પીએનજીમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૩ માં કુલ ૫૮.૦૯ કરોડની આવક થઈ છે. કુલ રકમની વાત કરીએ તો પેટ્રોલમાંથી ૧૨૦૪૮.૭ કરોડ તથા ડિઝલમાં ૨૬૬૮૨ કરોડની આવક થઈ છે. જ્યારે સીએનજીમાં ૩૮૯ કરોડ અને પીએનજીમાં ૧૨૬ કરોડની આવક થઈ છે. રાજ્ય સરકાર પેટ્રોલ પર ૧૩.૭ ટકા જ્યારે ડીઝલ પર ૧૪.૯ ટકા ટેક્સ વસૂલે છે. જ્યારે CNG અને પીએનજી પર સરકાર ૧૫ ટકા ટેક્સ વસૂલે છે.

# જાહેર દેવામાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૨,૦૨૩ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૩,૦૬૩ કરોડનું વ્યાજ ચૂકવામાં આવ્યું

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાનું સત્ર શરૂ થઈ ગયું છે.આજે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન કોંગ્રેસે રાજ્યના દેવા અંગેનો સવાલ ઉઠાવ્યો હતો. કોંગ્રેસના ઉપદંડક શૈલેષ પરમારે રાજ્યના જાહેર દેવા અંગેનો સવાલ પુછીને સરકારને ઘેરવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે સરકાર તરફથી લેખિતમાં જવાબ આપવામાં આવ્યો હતો કે, વર્ષ ૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારનું જાહેર દેવું ૩,૨૦,૮૧૨ કરોડ રૂપિયા છે. તે ઉપરાંત સરકારે જણાવ્યું હતું કે, જાહેર દેવામાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૨,૦૨૩ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૩,૦૬૩ કરોડનું વ્યાજ ચૂકવામાં આવ્યું છે. જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧ માં ૧૭,૯૨૦ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૧-૨૨ માં ૨૪,૪૫૪ કરોડ રૂપિયાની મુદલ ચૂકવામાં આવી છે.


બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ વિધાનસભા ગૃહમાં ભારત સરકાર દ્વારા જીએસટી કાયદાના અમલમાં બાદ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને આપવામાં આવતા વળતર મામલે સવાલ પુછ્યો હતો. જેમાં સરકારે લેખિતમાં જણાવ્યું હતું કે, પાંચ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ૩૦ હજાર ૪૦૧ કરોડની ચુકવણી કરવાની છે. જેની સામે ગુજરાતને કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૪ હજાર ૨૧૯ કરોડ ૭૩ લાખ ચૂકવવા આવ્યા છે.

જ્યારે ૧૭ હજાર ૪૫ કરોડ ૧૩ લાખ રૂપિયા લોન પેટે આપવામાં આવ્યા છે. તો ૯ હજાર ૧૩૬ કરોડ ૨૬ લાખની ચુકવણી કરવાની બાકી છે. રાજ્ય સરકારે નાણાંકીય સંસ્થા પાસેથી ૧૭૮૧૨ કરોડની લોન લીધી છે, તે ઉપરાંત બજાર લોનમાંથી સરકારે ૨,૬૪,૭૦૩ કરોડની લોન લીધી છે, કેન્દ્ર પાસે રાજ્ય સરકારે ૯૭૮૮ કરોડની લોન લીધી છે, સરકારે ૨૨,૦૬૩ રૂપિયા વ્યાજ અને ૨૪,૪૫૪ કરોડ રૂપિયા મુદલની ચુકવણી કરી છે.

# કાશ્મીરી પંડિતોમાં આક્રોશ ફાટી નીકળ્યો : પ્રદર્શન-કેન્ડલમાર્ચ

શ્રીનગર,

કાશ્મીરમાં ટાર્ગેટ કીલીંગની વધુ એક ઘટનાને પગલે કાશ્મીરી પંડીતોમાં આક્રોશ અને નારાજગી સર્જાઈ છે અને જોરદાર વિરોધ પ્રદર્શન કરીને ત્રાસવાદીઓ વિરૂદ્ધ નિર્ણાયક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. કાશ્મીરી પંડીતની હત્યાને પગલે ભારતીય જનતા યુવા મોરચા દ્વારા જોરદાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અનેક ભાગોમાં કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી. કાશ્મીરી પંડીતોએ એવી હૈયાવરાળ ઠાલવી હતી.કાશ્મીરી પંડીતોને મોતને ઘાટ ઉતારવામાં આવી રહ્યા છે.ભાજપનાં જીલ્લા પ્રમુખે જ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું અને હત્યાને કાળો અધ્યાય ગણાવ્યો હતો. બીજી તરફ પોલીસે એવો દાવો કર્યો હતો કે હત્યારા કાશ્મીરી પંડીતોની વહેલીતકે ધરપકડ



કરીને સજા કરવામાં આવશે.

સુરક્ષા દળોની ટીમો પગેરૂ દબાવી રહી છે. ત્રાસવાદનો દ્રઢતા તથા નિર્ણાયક રીતે મુકાબલો કરવાની પ્રતિબધ્ધતા છે. કાશ્મીર પંડીત સંઘર્ષ સમિતિએ એવુ ટવીટ કર્યુ હતું કે સરકાર અને ભાજપ ૭૫ લાખ કાશ્મીરી વસ્તીને સંભાળી શકતા નથી અને પીઓકે-બલુચીસ્તાનને આંચકી લેવાની વાત કરે છે કાશ્મીરી પંડીતોને કુતરાની જેમ મારવામાં આવી રહ્યા છે.

# દેશમાં બે મહિનામાં ૩૦ વાઘ મરી ગયા અને અધિકારીઓ કહે છે ટેન્શનની વાત નથી!

નવીદિલ્હી,

આ વર્ષની શરૂઆતના લગભગ બે મહિનામાં ભારતમાં ૩૦ વાઘના મૃત્યુ થયા છે. જ્યારે નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટીના અધિકારીઓનું કહેવું છે કે, વાઘના મૃત્યુની આ સંખ્યા કોઈ સંકટની ચેતવણીનું કારણ નથી. કારણ કે સામાન્ય રીતે જાન્યુઆરીથી માર્ચની વચ્ચે વાઘના મૃત્યુમાં વધારો થાય છે. આ સામાન્ય વાત છે. અત્યાર સુધીમાં કાન્હા, પન્ના, રણથંભોર, પેંચ, કોર્બેટ, સતપુરા, ઓરંગ, કાઝીરંગા અને સત્યમંગલમ ટાઈગર રીઝર્વમાંથી વાઘના મૃત્યુ નોંધાયા છે. આ ૩૦ વાઘના મૃત્યુમાંથી ૧૬ રિઝર્વની બહાર નોંધાયા હોવાનું સામે આવ્યું છે.

એક અહેવાલ મુજબ, અત્યાર સુધીમાં સૌથી વધુ ૯ વાઘના મૃત્યુ મધ્ય પ્રદેશમાં નોંધાયા છે, ત્યારબાદ મહારાષ્ટ્રમાં ૭ વાઘના મોત થયા છે. મૃત્યુ પામેલા વાઘમાં બચ્ચાનો પણ સમાવેશ થાય છે. દ્રઝછના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં વાઘના મૃત્યુની મોટી સંખ્યાનું કારણ છે કે તેમની પાસે વાઘની મોટી વસ્તી છે. આ વર્ષે મૃત્યુઆંકને લઈને ચિંતાજનક કંઈ નથી. વાઘની વસ્તી વધવાની સાથે મૃત્યુની સંખ્યામાં પણ વધારો નોંધાયો છે.

એક અધિકારીએ જણાવ્યું હતુ કે, ડેટા દર્શાવે છે કે કોઈપણ વર્ષમાં વાઘના મૃત્યુની સૌથી વધુ સંખ્યા જાન્યુઆરીથી માર્ચ વચ્ચે થાય છે. આ સમય તેઓ તેમનો એરિયા છોડીને બહાર જાય છે. તેના લીધે વાઘ-વાઘ વચ્ચે સંઘર્ષ થાય છે. તેમના એરિયાને લઈને પણ વાઘ વચ્ચે સંઘર્ષ થતા હોય છે. અધિકારીએ કહ્યું કે, દેશમાં વાઘની વસ્તી વાર્ષિક ૬ ટકાના દરે વધી રહી છે. વાઘનું સરેરાશ આયુષ્ય માત્ર ૧૨ વર્ષ જ હોય છે.

# મુંબઈ પોલીસને NIAનું એલર્ટ, ચીન-પાકિસ્તાનથી ટ્રેનિંગ લઈને આવેલો વ્યક્તિ શહેરમાં ઘૂસ્યો છે

મુંબઈ,

મુંબઈ પોલીસના સૂત્રોએ જણાવ્યું કે એનઆઈએએ મુંબઈ પોલીસને મહારાષ્ટ્રની રાજધાની શહેરમાં એક શંકાસ્પદ વ્યક્તિની પ્રવૃત્તિ વિશે એલર્ટ મોકલ્યું છે. એનઆઈએએ એક ઈમેલના માધ્યમથી મુંબઈ પોલીસને વાકેફ કરાવી અને કહ્યું કે સરફરાજ મેમણ તરીકે ઓળખ ધરાવતી એક વ્યક્તિ શહેરમાં પહોંચી ગઈ છે અને પોલીસને એલર્ટ રહેવા માટે કહ્યું છે. એનઆઈએના ઈમેલમાં મેમણને ભારત માટે ખતરનાક ગણાવાયું છે. મુંબઈ પોલીસના સૂત્રો અનુસાર એનઆઈએએ માહિતી આપી છે કે મધ્યપ્રદેશનો રહેવાશી મેમણ ચીન, હોંગકોંગ અને પાકિસ્તાનમાં ટ્રેનિંગ લઈ ચૂક્યો છે. એનઆઈએએ ઈમેલ પર વ્યક્તિનો આધારકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ અને પાસપોર્ટ મુંબઈ પોલીસને મોકલી દીધો છે. સૂત્રોએ કહ્યું કે આ ઈમેલ મળ્યા બાદ તપાસ એજન્સી એલર્ટ થઈ ગઈ હતી. મુંબઈ પોલીસે આ મામલે ઈન્દોર પોલીસને પણ જાણ કરી દીધી છે.

પોલીસના સૂત્રોએ જણાવ્યું કે ચાલુ મહિનાની શરૂઆતમાં એનઆઈએને એક અજાણી વ્યક્તિનો ઈમેલ મળ્યો હતો જેમાં તાલિબાની સભ્ય હોવાનો દાવો કરાયો હતો અને મુંબઈમાં આતંકી હુમલો કરવાની ધમકી આપવામાં આવી હતી.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ભલાડા સેવા સહ. મં.લી.

ચેરમેન : રમણભાઈ પટેલ (વા.ચેરમેન PDC)

સેક્રેટરી : ડાહ્યાભાઈ પંચાલ

સંચાલક : મયંકભાઈ સેવક

તરફથી અભીનંદન....

મુ.ભલાડા, તા.લુણાવાડા, જી.મહીસાગર

# કેદારનાથ-બદ્રીનાથ મંદિરમાં મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવશે

દહેરાદુન,

હિન્દુઓની પવિત્ર ચારધામ યાત્રા આગામી એપ્રિલ માસથી શરૂ થવાની છે તે પૂર્વે મંદિરમાં મોબાઈલ ફોન લઈ જવા પર અને વિડીયો બનાવવા પર પ્રતિબંધ મૂકવાની ગંભીરતાપૂર્વક વિચારણા શરૂ કરવામાં આવી છે. ગત વર્ષે ઘણા યુ-ટયુબર અને બ્લોગરને કારણે મુશ્કેલીઓ થઈ હતી જેને ધ્યાનમાં રાખીને બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ દ્વારા મંદિરની અંદર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ મૂકવાની વિચારણા શરૂ કરવામાં આવી છે. આ સિવાય મંદિરના પૂજારી કે કર્મચારી શ્રધ્ધાળુઓ પાસેથી સીધી દાન-દક્ષિણા ન લઈ શકે તે માટે પણ વિચારણા કરવામાં આવી રહી છે. દાનના સ્વરૂપમાં આવનારા નાણાંની ગણતરી પારદર્શી રહે તે માટે શ્રેણીબધ્ધ પગલા, વિચારણા હેઠળ છે. સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ જ



સરકારી અધિકારીની હાજરીમાં દાનના નાણાંની ગણતરી કરવાની તૈયારી છે. આ ઉપરાંત મંદિરના અધિકારીઓ તથા કર્મચારીઓ માટે અલગ ડ્રેસ પણ નકકી કરવામાં આવે તેવી શકયતા છે. તિરૂપતિ બાલાજી, વૈશ્નવ દેવી, ઉજજૈન મહાકાલ તથા સોમનાથ મંદિરના વહીવટી નિર્ણયોનો બદ્રીનાથ-કેદારનાથ વહીવટી સમિતિ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો છે અને તેના દ્વારા સમિતિને અનેક ભલામણો કરવામાં આવી છે. મંદિર સમિતિના અધ્યક્ષ અજેન્દ્ર અજયે જણાવ્યું કે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી સાથે ચર્ચા-વિચારણા કરાયા બાદ માર્ગદર્શિકા જારી કરવામાં આવશે. અભ્યાસ ટીમ દ્વારા એમ પણ જણાવવામાં આવ્યું છે કે દેશના કેટલાક વિખ્યાત મંદિરોમાં શ્રધ્ધાળુ માટે નિયમો લાગુ થયેલા છે. જેમાં ડ્રેસકોડનો સમાવેશ થાય છે. આ મુદે પણ મંદિર સમિતિ નિર્ણય લઈ શકે છે. કેદારનાથ-બદ્રીનાથમાં આવનાર દર્શનાર્થી શ્રધ્ધાળુઓ માટે હિન્દુ સંસ્કૃતિને અનુરૂપ અને મંદિરની ગરિમા જળવાઈ તે પ્રકારના પહેરવેશ ફરજીયાત કરવાનું પણ નકકી થઈ શકે છે. દરમિયાન બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ દ્વારા પૂજારી તથા કર્મચારીઓને દાન-દાક્ષિણા આપવા પર રોક અને શ્રધ્ધાળુઓ માટે ગરિમા ધરાવતા કપડા પહેરવાનું ફરજીયાત કરવા જેવા નિયમો ઘડવામાં આવી રહ્યા છે. જે સામે તીર્થ પુરોહિતમાં નારાજગી સર્જાઈ છે. ચારધામના તીર્થ પુરોહિતોનું કહેવું છે કે સમિતિએ માત્ર શ્રધ્ધાળુઓની સુવિધા અને વ્યવસ્થા પર જ ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. કમીટીના અધિકાર ક્ષેત્રની બહાર જઈને કામગીરી કરી જ રહ્યા છે તે યોગ્ય નથી.

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
**પંચમહાલ સમાચાર**

# વીરપુર તાલુકાની ધોરાવાડા ડિવાઈન વિદ્યા સંકુલના ચાર વિદ્યાર્થીઓએ ટેકવેન્ડો ચેમ્પિયનશિપ ટુર્નામેન્ટમાં ગુજરાત મેડલ જીત્યો



વિરપુર,
સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખોખરા વીરપુર તાલુકાની ધોરાવાડા ખાતે આવેલી ડિવાઈન વિદ્યા સંકુલના અમદાવાદ ખાતે ૩૧ મી સબ જુનિયર ૭ મી કેડેટ બોય ગર્લ્સ ગુજરાત રાજ્ય કક્ષાની સ્ટેટ લેવલ ૨૦૨૩ ટેકવેન્ડો ચેમ્પિયનશિપ ટુર્નામેન્ટ સ્પર્ધા યોજાઈ, જેમાં (૧.બારીયા વીરેન્દ્ર મહેશભાઈ (૨૫ થી ૨૭ કિ. ગ્રા) સિલ્વર મેડલ, (૨. પંચાલ રુદ્ર રાકેશભાઈ (૨૭થી ૨૯કિ. ગ્રા) સિલ્વર મેડલ, (૩.પટેલ દીપ વિમલભાઈ (૩૨થી ૩૪ કિ. ગ્રા) બ્રોન્ઝ મેડલ, (૪.પગી મિહિર શૈલેશભાઈ (૩૮થી ૪૦ કિ. ગ્રા) બ્રોન્ઝ મેડલ. આમ કિ.ગ્રા કેટેગરી મુજબ મેડલ પ્રાપ્ત કરીને રાજ્યભરમાં મહીસાગર જિલ્લાનું જ નહિ પરંતુ સાથે સાથે ક્ષત્રિય સમાજનું પણ ગૌરવ વધાર્યું છે. ત્યારે વીરપુર તાલુકાની ડિવાઈન વિદ્યા સંકુલ તેમજ વાલીનું નામ રોશન કરતા તેજસ્વી તારલાઓને શાળા પરિવાર તેમજ ટ્રસ્ટીગણ દ્વારા ચારેય વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રે ખુબ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# કડાણા જળાશયના અસરગ્રસ્તોની જમીન ફાળવણી બાબતે મહીસાગર કલેક્ટર કચેરી સભાખંડ ખાતે બેઠક યોજાઈ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,
કડાણા જળાશયના અસરગ્રસ્તોની જમીન ફાળવણી બાબતે મહીસાગર કલેક્ટર કચેરી સભાખંડ ખાતે દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોરની અધ્યક્ષ સ્થાને અસરગ્રસ્ત ખેડૂતો સાથે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોરે ઉપસ્થિત ખેડૂતોના પ્રશ્નો સાંભળી સંબંધિત અધિકારીઓને તેનો ઉકેલ લાવવા જણાવવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, કલેક્ટર ભાવિન પંડ્યા, અધિક નિવાસી કલેક્ટર સી.વી. લટા, પ્રાંત અધિકારીઓ, મામલતદાર, ખેતીવાડી અધિકારી સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# બાલાસીનોર પોલીસે ચોરી થયેલ મોબાઈલ ટેકનીકલ એનાલીસીસના આધારે બોરસદથી આરોપીને ઝડપ્યો



બાલાસીનોર,
બાલાસીનોર પોલીસ મથકે નોંધાયેલ મોબાઈલ ચોરીની ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ કરી બોરસદ, તા. આણંદના ઈસમને ચોરીના મોબાઈલ સાથે ઝડપ્યો.
પ્રાપ્ત વિગતો મુજબ બાલાસીનોર કુંભારવાડા પાસેથી હેમંતકુમાર પંકજભાઈ દલવાડીનો મોબાઈલ ચોરી થતાં પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મોબાઈલ શોધવા માટે ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ કરતાં મોબાઈલનું લોકેશન બોરસદ ખાતે મળતાં પોલીસે મુસ્તકીમમીંયા ઈસુબમીયા મલેક (બોરસદ, તા. આણંદ)ની ચોરીના ૧૫,૦૦૦/- રૂપીયાના મોબાઈલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.




**મહીસાગર જિલ્લામાં આવેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે એન્યુઅલ ફંકશન ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજનના ભાગરૂપે બાલાસિનોર વિધાનસભાના ધારાસભ્ય માનસિંહ ચૌહાણએ પોતાની ખાસ ઉપસ્થિતિ આપી હતી. નાના ભૂલકાઓ દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ રજૂ કરવામાં આવ્યો હતો, એ સાથે જ નાના ભૂલકાઓનું પર્ફોમન્સ જોઈને ગામનાં મહેમાનોએ સ્કૂલના શિક્ષકોની વાહ...વાહ... કરી અને આવી રીતે નાના બાળકોને તૈયાર કર્યા તે બદલ શિક્ષકોનો દિલથી આભાર પણ વ્યક્ત કર્યો.**

# રાધાસ્વામી એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ એ મલેકપુર હાઈસ્કુલ ખાતે ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષા માટે શુભેચ્છાઓ પાઠવી



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
રાધાસ્વામી એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ દ્વારા મહાત્મા ગાંધીવિનય મંદિર હાઈસ્કુલ મલેકપુરમાં અભ્યાસ કરતા ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભ કાર્યક્રમાં હાજરી આપી. જેમાં ૧૪ માર્ચ ૨૦૨૩ ના રોજ થી શરૂ થનાર બોર્ડની પરીક્ષામાં તેઓ સારી સફળતા મેળવી તમેના માં-બાપ તેમજ તેમની સ્કૂલનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવીને તેઓ નેબોર્ડની પરીક્ષામાં કામ લાગે તે મુજબ ૩૩૦ વિદ્યાર્થીઓને કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સ્કૂલના આચાર્ય, શિક્ષક મિત્રો તેમજ રાધાસ્વામી એજ્યુકેશન લુણાવાડાના સ્ટાફ મિત્રો હાજરી આપી.



**મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના રાજગઢ અને પાલ્લા ગામે સડક દુર્ઘટનામાં મૃત્યુ પામેલ દિવંગત આત્માઓના પરિવારજનોને નિવાસ્થાને મળી શોક સંદેશ આપી સાંત્વના પાઠવી, શ્રદ્ધાંજલિ અર્પણ કરી આ શ્રદ્ધાંજલિમાં મંત્રી કુબેર ડીંડોર, માજી ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, મહીસાગર જિલ્લાના જિલ્લા પ્રમુખ દશરથભાઈ બારીયા, જીગર પંડ્યા સહિત ભાજપના કાર્યકરો સહિત આ શ્રદ્ધાંજલિમાં ઉપસ્થિત રહ્યા હતા.**

# રાજ્યકક્ષાએ ચિલ્ડ્રન એથ્લેટિક સ્પોર્ટ્સ દોડ સ્પર્ધા યોજાઈ




કડાણા,
ચિલ્ડ્રન યુનિવર્સીટી ગોંધીનગર અંતર્ગત નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી અંડર ૯-૧૧ એથ્લેટિક મીટમો મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના ખુબજ અંતરિયાળ ગામના મોટા પડાદારા પ્રાથમિક શાળાના વિજેતા એવા તેજસ્વી તારલાઓએ તેમની પ્રતિભાનો પરચો સમગ્ર રાજ્ય લેવલે પ્રદર્શિત કરી ગામ કે શાળાનું જ નહિ રાજ્યમોં ડંકો વગાડ્યો છે. તેવા લાંબી કૂદમો વિજેતા તાવિયાડ મમતાબેન, તેમજ અંડર ૧૧ દોડ ૧૦૦ મીટરમો પગી ગંગાબેન તેમજ અંડર ૯ દોડ ૧૦૦ મીટરમો ખાટા આશાબેન પગી લક્ષ્મણભાઈએ રાજ્યકક્ષાએ ડંકો વગાડી શાળાનું નામ રોશન કરી રાજ્યનું ગૌરવ વધાર્યું છે. તે બદલ શાળા પરિવારે શુભેચ્છા પાઠવી.

# દિલ્હી હાઈકોર્ટની સ્પષ્ટ વાત હસ્તક્ષેપ કરવાનો કોઈ મતલબ જ નથી, નહી બદલાય અગ્નિવીર ભરતી યોજના

નવીદિલ્હી,
દિલ્હી હાઈકોર્ટે સોમવારે કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજનાને પડકારતી તમામ અરજીઓ ફગાવી દીધી હતી. કોર્ટે પોતાના નિર્ણયમાં અગ્નિપથ યોજનાને યોગ્ય ગણાવી હતી. આ રીતે કેન્દ્ર સરકારને દિલ્હી હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સતીશ ચંદ્ર શર્મા અને જસ્ટિસ સુબ્રમણ્યમ પ્રસાદની બેન્ચે અગ્નિપથ સ્કીમ પર સુનાવણી કરી હતી. કોર્ટે ગયા વર્ષે ૧૫ ડિસેમ્બરે આ મામલે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ પછી જ નિર્ણયની રાહ જોવાઈ રહી હતી. સશસ્ત્ર દળોમાં યુવાનોની ભરતી કરવા માટે ગયા વર્ષે ૧૪ જૂને અગ્નિપથ યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજનાની શરૂઆત બાદ ઘણા રાજ્યોમાં તેના પર વિરોધ જોવા મળ્યો હતો. અનેક જગ્યાએ આગચંપીના બનાવો પણ સામે આવ્યા છે. તે જ સમયે, ઘણા લોકોએ આ યોજનાને રદ કરવા માટે કોર્ટનો સંપર્ક પણ કર્યો. અગ્નિપથ યોજનાના નિયમો અનુસાર, ૧૭.૫ વર્ષથી ૨૧ વર્ષની વય જૂથના લોકો સશસ્ત્ર દળોમાં ભરતી માટે અરજી કરી શકે છે. આ પછી નિમણૂક કરાયેલા ૨૫ ટકા લોકોને કાયમી નોકરી આપવામાં આવશે. કેન્દ્ર સરકારે દિલ્હી હાઈકોર્ટમાં અગ્નિપથ યોજનાને સમર્થન આપ્યું હતું. અરજીઓને બરતરફ કરવાની માંગ કરતા કેન્દ્રએ કોર્ટને કહ્યું હતું કે બાહ્ય અને આંતરિક ખતરાઓનો સામનો કરી રહેલા ભારતના ક્ષેત્રની રક્ષા કરવા માટે ચપળ, યુવા અને તકનીકી રીતે મજબૂત સશસ્ત્ર દળોની જરૂર છે. સરકારે વધુમાં એવી દલીલ કરી હતી કે યોજનાનો ઉદ્દેશ્ય એક યુવા લડાયક દળ બનાવવાનો હતો, જેને નિષ્ણાતો દ્વારા પ્રશિક્ષિત કરવામાં આવે જે નવા પડકારોનો સામનો કરવા માટે શારીરિક અને માનસિક રીતે સક્ષમ હોય. હાઈકોર્ટે પોતાના નિર્ણયમાં કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજના સાચી છે કે નહીં તે નક્કી કરવાનું હતું. અરજીને ફગાવી દેતા હાઈકોર્ટે કહ્યું કે યોજનામાં દખલ કરવાનું કોઈ કારણ નથી. કોર્ટે કહ્યું, ‘‘અગ્નિપથ યોજનાને પડકારતી તમામ અરજીઓ ફગાવી દેવામાં આવે છે.’’ તેણે કહ્યું કે આ યોજના રાષ્ટ્રીય હિતમાં અને સશસ્ત્ર દળો વધુ સારી રીતે સજ્જ છે તેની ખાતરી કરવા માટે બનાવવામાં આવી હતી. કોર્ટે સંરક્ષણ સેવાઓમાં અગાઉની ભરતી યોજના મુજબ પુનઃસ્થાપન અને નામાંકન અરજીઓને પણ ફગાવી દીધી હતી, એમ કહ્યું હતું કે અરજદારોને ભરતી મેળવવાનો સ્વાભાવિક અધિકાર નથી.

# પંજાબમાં વાતાવરણ બગાડવાનું ષડયંત્ર! SDM ઓફિસની દિવાલો પર ખાલિસ્તાનીના નારા : ભારત વિરુદ્ધ ઝેર

ચંડીગઢ,
પંજાબમાં ખાલિસ્તાન તરફી દળો સતત વાતાવરણને બગાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. ખાલિસ્તાન તરફી અમૃતપાલ સિંહ અને તેમના સમર્થકો દ્વારા અજનાલામાં હિંસાનો મામલો હજુ શાંત થયો નથી. આ દરમિયાન ખાલિસ્તાન સમર્થકોએ મોગામાં દિવાલો પર વિવાદાસ્પદ સૂત્રો લખ્યા હતા. જેના કારણે સ્થિતિ તંગ બની છે. સોમવારે સવારે બાઘાપુરાના એસડીએમ ઓફિસની દિવાલો પર ખાલિસ્તાન સમર્થકો દ્વારા વિવાદાસ્પદ સૂત્રો લખવામાં આવ્યા હતા. જેના કારણે જિલ્લા અને પોલીસ પ્રશાસનમાં ખળભળાટ મચી ગયો હતો. અધિકારીઓ તાકીદે સ્થળ પર પહોંચ્યા અને દિવાલો પર લખેલા સૂત્રો સાફ કરાવ્યા.
રોડે ગામની દિવાલો પર ખાલિસ્તાનીના નારા પણ લખવામાં આવ્યા છે. મોગા જિલ્લાનું રોડે ગામ જરનૈલ સિંહ ભિંડરાવાલાનું ગામ છે. આતંકવાદી જસબીર સિંહ રોડે પણ આ ગામનો છે જે હવે પાકિસ્તાનમાં છુપાયેલો છે. વિદેશમાં બેઠેલા શીખ્સ ફોર જસ્ટિસના વડા ગુરવતપંત પન્નુએ એક વીડિયો વાઈરલ કરીને વિવાદાસ્પદ સૂત્રો લખીને ભારત વિરુદ્ધ ઝેર ઓકવાની માહિતી આપી હતી. એસડીએમ ઓફિસની દિવાલો પર સૂત્રો લખ્યાના થોડા સમય બાદ વિદેશમાં બેઠેલા શીખ ફોર જસ્ટિસના વડા ગુરવતપંત પન્નુએ વીડિયોમાં કહ્યું કે ખાલિસ્તાનના સમર્થકોએ એસડીએમ ઓફિસ બાગાપુરા અને પોલિટેકનિક કોલેજ રોડની દિવાલો પર સૂત્રો લખ્યા છે. .
વીડિયોમાં, ગુરપતવંત સિંહ પન્નુએ જી-૨૦ વિદેશ મંત્રીઓને ભારતના વર્તમાન સીમાંકનને નામંજૂર કરવા કહ્યું કારણ કે પંજાબ પર બળજબરીથી ભારતનો કબજો છે. મંત્રીઓને જણાવવા માટે દિલ્હી એરપોર્ટ પર ખાલિસ્તાન ધ્વજ લહેરાવવામાં આવશે કે પંજાબ ભારતનો ભાગ નથી. મોદી સરકાર અંગે તેમણે કહ્યું કે તે ફરી એકવાર શીખોને આતંકવાદી ગણાવી રહી છે, ગોળીનો બદલો ગોળીથી લેવામાં આવશે, વોટની રાજનીતિ વોટથી થશે. તેમણે કહ્યું કે ખાલિસ્તાન તરફી નેતાઓ જી-૨૦ દેશો પાસેથી કહેવાતા ખાલિસ્તાન માટે સમર્થન માંગશે.

# એમ્સમાં ગેરકાયદે નોકરી આપવાનું કૌભાંડ : રાજકોટમાં બોગસ જોઈનિંગ લેટર સાથે યુવતી એમ્સમાં પહોંચી

રાજકોટ,
રાજકોટ સૌરાષ્ટ્ર અને ગુજરાતની જનતાને સારી આરોગ્ય સેવા મળી રહે તે માટે સરકાર દ્વારા ગુજરાતમાં પ્રથમ રાજકોટને એઈમ્સની ભેટ આપવામાં આવી છે. હાલ એઈમ્સ હોસ્પિટલ ખાતે ઓપીડી વિભાગ કાર્યરત છે અને હવે આગામી સમયમાં આઈપીડી શરૂ થવાનું છે. ત્યારે જરૂરિયાત મુજબ ભરતી પણ કરવામાં આવી રહી છે. તેવામાં એઈમ્સ હોસ્પિટલ ખાતે જોઈનીંગ લેટર સાથે એક યુવતી નોકરી મેળવવા જતા લેટર બોગસ હોવાનું સામે આવતા પડધરી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટના સાધુ વાસવાણી રોડ પર આવેલ ટોપલેન્ડ રેસીડેન્સીમાં રહેતા ૩૮ વર્ષીય જયદેવસિંહ બનેસિંહ વાળાએ પડધરી પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ડો. અક્ષય જાદવનું નામ આપ્યું છે. આ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદી રાજકોટના ખંઢેરી ગામ પાસે નવી બનતી એઈમ્સમાં ફરિયાદી એડમીન વિભાગમાં ઓફિસર તરીકે ફરજ બજાવે છે. ગત તા. ૨૦/૨/૨૩ના સવારે ૧૧:૩૦ વાગ્યે તેઓ ઓફિસે હતા ત્યારે સિક્યોરિટી સુપરવાઈઝર ઈન્દ્રજીતસિંહ પરમાર તેમની પાસે આવ્યા હતા અને કોઈ યુવતી આપને મળવા માટે આવી છે તેમ કહેતા ફરિયાદીએ યુવતીને ઓફિસમાં મોકલવા કહ્યું હતું. એડમિન વિભાગમાં યુવતીએ પ્રવેશ કરી ફરિયાદીને લીલા કલરનું કવર આપ્યું હતું અને યુવતીએ કહ્યું હતું કે તેઓ નોકરી પર હાજર થવા માટે આવ્યા છે. પોતે કવર ખોલીને ચેક કરતાં તેમાંથી અખિલ ભારતીય આયુ. વિજ્ઞાન સંસ્થા રાજકોટ ગુજરાત લખેલ એઈમ્સ હોસ્પિટલના સીમ્બોલવાળો જોઈનીંગ લેટર હતો અને આપનાર યુવતી નીકીતા મુકુંદભાઈ પંચાલ લેબ ટેક્નિશિયન તરીકે નોકરી પર હાજર થવા આવી હતી. આ જોઈનિંગ લેટરમાં ૧૬/૨/૨૩ના રોજ ૩૬,૦૦૦ના પગારવાળો લેટર જોવામાં આવ્યો હતો. જે બાબતે યુવતીને પૂછતાં રાજકોટના ડો.અક્ષય જાદવે આ લેટર આપ્યો હોવાનું અને તેઓ નિકીતાના ડોક્યુમેન્ટ તપાસી, વીડિયોગ્રાફીથી ઈન્ટરવ્યુ લઈને જોઈનિંગ લેટર તૈયાર કરી આપ્યો હોવાનું જણાવ્યું હતું. જોકે એઈમ્સમાં લેબ ટેક્નિશિયન તરીકે ભરતી કરવાની કોઈ સૂચના કે ઓર્ડર દિલ્હી ખાતેથી મળ્યો ન હોય આમ છતાં નિકીતાબેન લેબ ટેક્નિશિયન તરીકે હાજર થવા આવતા એડમીન વિભાગના અધિકારીઓ પણ મૂંઝવણમાં મુકાઈ ગયા હતા. એમ.એસ.સી. સુધી અભ્યાસ કરેલ નીકીતાબેન પંચાલ પાસેથી એઈમ્સના લોગોવાળા બોગસ ડોક્યુમેન્ટ મેળવી તેની ખરાઈ કર્યા બાદ તપાસના અંતે એડમીન ઓફિસરે નોકરીનું કૌભાંડ આચરનાર ડો.અક્ષય જાદવ સામે પડધરી પોલીસ મથકમાં બોગસ ડોક્યમેન્ટ ઉભા કરી સરકાર સાથે છેતરપીંડી કરવા અંગેનો ગુનો નોંધાવ્યો છે. આ બનાવ અંગે પડધરી પોલીસે ગુનો નોંધી આરોપી ડો.અક્ષય જાદવની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે. આ દિવસે તમારા હક અને સંપત્તિમાં વધારો થશે. આ દિવસે તમે તમારા કરતા વધુ લોકોના કલ્યાણ વિશે વિચારશો.

વૃષભ : આજે ભાગ્યની દ્રષ્ટિએ દિવસ સારો રહેશે. આજે તમારી મહેનતના સારા પરિણામો મળશે. બાળકો પ્રત્યેની તમારી શ્રદ્ધા વધુ પ્રબળ રહેશે અને આજે તમને કોઈ સારા સમાચાર મળી શકે છે.

મિથુન : તમારા માટે આજનો દિવસ મુશ્કેલ હોઈ શકે છે અને તમારે બિનજરૂરી ખર્ચા ટાળવાની જરૂર છે. જો તમે કોઈ શારીરિક રોગથી પીડિત છો તો આજે પીડા વધી શકે છે.

કર્ક : આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. માનસિક અશાંતિ, ઉદાસ રહેતા તમે ભટકાઈ શકો છો. દિવસની શરૂઆતમાં માતા-પિતાના સહયોગ અને આશીર્વાદથી રાહત મળશે. સાસરિયા તરફથી આજે નારાજગીના સંકેત મળશે.

સિંહ : આજે દીકરા કે દીકરીને સંબંધિત કોઈ જૂના વિવાદ ઉકેલાશે. સુખી સ્વભાવનું વ્યક્તિત્વ હોવાથી અન્ય લોકો તમારાથી આકર્ષિત થશે અને તમને ફાયદો થશે. સામાજીક સન્માન મળવાથી તમારું મનોબળ વધશે.

કન્યા : આજનો દિવસ તમારા માટે અનુકૂળ નથી. આજે કોઈ નવો પ્રોજેક્ટ શરૂ ના કરો. જો તમે લોન લેવાનું વિચારી રહ્યાં છો તો આજે તે લેશો નહીં. તે ચૂકવવાની મુશ્કેલ થઈ શકે છે.

તુલા : આજે તમે ખૂબ વ્યસ્ત રહેશો અને તમારે કામમાં ભાગદોડ કરવી પડી શકે છે. વાહન ચલાવતા સમયે સાવચેત રહો. પગમાં ઈજા થવાનો ભય રહે છે. તમારી નિર્ણયની ક્ષમતાઓનો લાભ તમને આજે મળી શકે છે.

વૃશ્ચિક : આજે ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે અને વિવેક બુદ્ધિથી નવી વસ્તુઓની શોધમાં ખર્ચ કરશો. જો તમે ફક્ત મર્યાદિત અને જરૂરી ખર્ચ કરો છો તો પછી તમને ભવિષ્યમાં ફાયદો થશે.

ધનુ : આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને હિંમતથી તમારા મુશ્કેલ કાર્યો પૂર્ણ કરવામાં સમર્થ હશો. તમને તમારા માતા-પિતાનો સંપૂર્ણ સહયોગ મળશે. પત્નીને થોડી શારીરિક સમસ્યા આવી શકે છે.

મકર : આજનો દિવસ તમારા માટે મિશ્રિત રહેશે. કિંમતી ચીજોની પ્રાપ્તિની સાથે તમારે આવા બિનજરૂરી ખર્ચોનો પણ સામનો કરવો પડશે, આ ખર્ચા મજબૂરી હેઠળ કરવા પડશે. સાસરાવાળા તરફથી તમને માન મળશે.

કુંભ : આજે તમારું મન પરેશાન રહેશે. વ્યાવસાયિક વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો નિરર્થક હોઈ શકે છે. સાંજ સુધીમાં તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મન પક્ષને જીતવા માટે સક્ષમ હશો.

મીન : તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમારું જ્ઞાન, બુદ્ધિ વધશે. દાન અને દાનની ભાવના તમારામાં વિકાસ પામશે. તમારું મન ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેશે અને ભાગ્ય તરફથી પણ તમને પૂરો સહયોગ મળશે, આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. સાંજથી રાત સુધી પેટમાં વિકારો થવાની સંભાવના છે.

# દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને રાઉઝ એવન્યૂ કોર્ટમાં રજુ કરાયા, આરોગ્યની તપાસ કરવામાં આવી

નવીદિલ્હી,
ગઈકાલે દિલ્હીના નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયા એક્સાઈઝ પોલિસી કેસમાં પૂછપરછ કરાયા બાદ સીબીઆઈએ ધરપકડ કરી લીધી હતી. જે બાદ આજે મનીષ સિસોદિયાને રાઉઝ એવન્યુ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતાં સીબીઆઈએ સિસોદિયાના પાંચ દિવસના રિમાન્ડની માંગ કરી હતી સીબીઆઈનું કહેવુ છે કે અમે કસ્ટોડિયલ પુછપરછ માટે પાંચ દિવસની પોલીસ કસ્ટડીની માંગ કરી રહ્યાં છીએ.બે સરકારી કર્મચારીઓ સહિત સાત આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામિાં આવી છે. સિસોદિયા સવાલોના સાચા જવાબ આપી રહ્યાં નથી સિસોદિયાના વકીલે જણાવ્યું હતું કે પુછપરછ થઈ ચુકી છે આથી રિમાન્ડની જરૂરત જ નથી
દરમિયાન મનિષ સિસોદિયાની ધરપકડ થયા બાદ આપના કાર્યકરોએ દેશભરમાં પ્રદર્શન કર્યા હતાં.આબકારી જાતિના ગોટાળામાં સીબીઆઈએ



દિલ્હીના નાયબ મુખ્યમંત્રી સિસોદીયાની ધરપકડ કરતા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓમાં આક્રોશ ફાટી નીકળ્યો છે અને દિલ્હી સહિત દેશભરમાં આજે આમ આદમી પાર્ટી દ્વારા સુત્રોચ્ચાર સાથે ઉગ્ર દેખાવો કર્યા હતા. આ દેખાવા દરમ્યાન આમઆદમી પાર્ટીના કાર્યકરો પોલીસ સાથે બાખડી પડયા હતા.
આમઆદમી પાર્ટીના કાર્યકરોએ નારા લગાવ્યા હતા. જેલ કે તાલે તુટેંગે, મનિષ સીસોદીયા છુટેંગે.



શરાબ કોન્ટ્રાકટમાં એકસાઇઝ પોલીસી કૌભાંડનો આરોપ લગાવીને સીબીઆઈએ દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયાની ધરપકડ કરી છે. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન તેમના પરિવારજનોને મળવા પહોંચ્યા હતા. જયાં તેમણે ભાજપ પર અનેક આરોપ લગાવ્યા હતા. આમઆદમી પાર્ટીના કાર્યકરોએ દિલ્હી સહિત દેશભરમાં ભાજપ કાર્યાલયને ઘેરાવ કરીને ભાજપ વિરુદ્ધ નારા લગાવ્યા હતા.

સિસોદિયાની ધરપકડના વિરોધમાં આસામ અને ભોપાલમાં પણ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ ઉગ્ર દેખાવો કર્યા હતા. પોલીસની રોક છતા આપના કાર્યકર્તાઓ મુખ્યાલય પહોંચ્યા હતા અને નારા લગાવ્યા હતા. જેલ કે તાલે તુટેંગે, મનીષ સિસોદીયા છુટેંગે આપના ધારાસભ્ય જરનેલસિંહે જણાવ્યું હતું કે, પાર્ટીના નેતાઓ અને ધારાસભ્યોના ઘર પર પોલીસ લગાવી દેવાઇ છે. જે તેમને પાર્ટી મુખ્યાલય પર આવતા રોકી રહી છે. આપ ધારાસભ્યે હંકાર ભણ્યો હતો કે અમે ભાજપ મુખ્યાલય જવાન આજે અમને કોઇ તાકાત રોકી નહીં શકે. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ,ગુજરાત સહિતના રાજયોમાં આપના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યા હતાં અને ભાજપ પર સીબીઆઇના દુરૂપયોગનો આરોપ લગાવ્યો હતો. કેટલાક સ્થળોએ પોલીસ અને આપના કાર્યકરો વચ્ચે છુટાહાથની મારામારી થઇ હોવાના અહેવાલો છે. દિલ્હીમાં પોલીસ અને આપના કાર્યકરો વચ્ચે ધર્ષણ થયું હતું મહિલા કાર્યકતો અને મહિલા પોલીસ વચ્ચે પણ ઝપાઝપી થઇ હતી.
દિલ્હીમાં આમ આદમી પાર્ટી સિસોદીયાની ધરપકડના વિરોધમાં રસ્તા પર આવી ગઇ છે. આમ આદમી પાર્ટીના કાર્યાલયે જતા માર્ગો પોલીસે બંધ કરી દીધો હતો. ૧૪૪ની કલમ લાગુ કરી દેવાઇ હતી. આપના કાર્યકરોને જતા રોકવા પોલીસે બેરીકેડ લગાવી રસ્તો બંધ કરી દીધો હતો મનીષ સિસોદીયાની ધરપકડને પગલે સ્થિતિ પર ડ્રોન કેમેરાથી નજર રાખવામાં આવી રહી છે. રાષ્ટ્રીય રાજધાની એલર્ટ પર છે. સીબીઆઇ મુખ્યાલય આપ ભાજપના કાર્યાલયોની બહાર સુરક્ષા કડક બનાવાઇ હતી.સિસોદીયાને મેડીકલ ટેસ્ટ બાદ કોર્ટમાં રજુ કરવામાં આવશે. આપ એ આરોપ લગાવ્યો હતો કે મોદીની પોલીસે જનતાનો અવાજ દબાવવા હવે એમસીડીના લીડર ઓફ હાઉસ મુકેશ કુમાર ગોયલની ધરપકડ કરી છે. આ લખાય છે ત્યારે દિલ્હીમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોના દિલ્હીમાં દેખાવો ચાલુ છે. દરમ્યાન આમ આદમી પાર્ટીના કાર્યકરોને રોકવા પોલીસ આપના કાર્યાલયોમાં ઘુસી હતી.
એ યાદ રહે કે જુલાઇ ૨૦૨૨માં દિલ્હીના ઉપ રાજયપરાલ વીકે સકસેનાએ મનીષ સિસોદિયા સામે સીબીઆઇ તપાસની માંગ કરી હતી સકસેનાએ સિસોદિયા સામે નિયમોનું ઉલ્લંધન કરીને ભ્રષ્ટ્રાચાર આચર્યો હોવાના આરોપ લગાવ્યો હતાં ત્યારબાદ ઇડી અને સીબીઆઇએ સિસોદિયા સામે તપાશ શરૂ કરી હતી. આપના પ્રવકતા સૌરઊ ભારદ્વાજે કહ્યું હતુ કે મનીષ વિરૂધ્ધ કોઇ પુરાવા મળ્યા નથી તો પછી ધરપકડ કેવી રીતે થઇ આપના સાંસદ સંજય સિંહે જણાવ્યું હતું કે ઇડી સીબીઆઇ એક કલાક માટે મને સોંપી દો હું વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહને પણ જેલમાં મોકલી આપું સુરક્ષા એજન્સીઓનો ભાજપ સરકાર ઉપયોગ કરવામાં આવ્યો છે. સમાજવાદી પાર્ટી અને શિવસેનાના સંજય રાઉતે પણ ધરપકડનો વિરોધ કર્યો છે.

## ફતેપુરા તાલુકામાં વહીવટદાર હસ્તકની ગ્રામ પંચાયતોમાં ૧૫ માં નાણાપંચની

# ગ્રાન્ટનાં નાણાં હોવા છતાં ગ્રામીણ વિસ્તારના વિકાસ માટે વહીવટદારો દ્વારા સેવાતી ઉદાસીનતા.!

**- ગ્રામ પંચાયતોમાં નિમવામાં આવેલ વહીવટદારો તથા તલાટી કમ-મંત્રી ઓની નિષ્ક્રિયતાથી ગ્રામ્ય વિસ્તારોના વિકાસ પ્રત્યે રોક લાગ્યો છે.**

**- કેટલાક સરપંચો દ્વારા પક્ષા પક્ષીને લઈ ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસ અવરોધાય તે માની શકાય, પરંતુ તલાટી કમ-મંત્રી તથા વહીવટદારોને સરકારી નાણાથી ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ કરવા નડે છે કોણ?**

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં આગાઉ ૩૨ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવામાં આવી હતી. જ્યારે ૫૦થી વધુ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ તથા વોર્ડ સભ્યોની ઉમેદવારી નોંધાવવા થનગનતા ઉમેદવારો સહિત પ્રજા વહેલી તકે ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાય તે તરફ મીટ માંડીને બેઠી છે. પરંતુ વહીવટી કારણોસર ચૂંટણી લંબાઈ રહી હોવાનું જાણવા મળે છે. જ્યારે પાંચ વર્ષનો જે-જે પંચાયતોનો કાર્યકાળ પૂરો થતાં તેમાં વહીવટદારો નિમવામાં આવ્યા છે અને આ ગ્રામ પંચાયતોના તલાટી કમ-મંત્રીની સાથે વહીવટ દારો દ્વારા ગ્રામ પંચાયતોની કામગીરી કરવામાં આવી રહી છે. પરંતુ કેટલીક ગ્રામ પંચાયતોમાં વહીવટદારો નિમ્યા બાદ ગ્રામ્ય વિસ્તારોના વિકાસમાં ઓછપ આવી રહી હોય તેમ જણાઈ રહ્યું છે. ત્યારે વહેલી તકે ગ્રામ પંચાયતોની ચૂંટણી થાય તેમ પ્રજા ઈચ્છી રહી છે.

ફતેપુરા તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં ૧૫માં નાણાપંચની ગ્રાન્ટ ના નાણાં ફાળવવામાં આવેલ છે. તે પૈકી જે-જે ગ્રામ પંચાયતોનો કાર્યકાળ પૂરો થતાં તેવી ગ્રામ પંચાયતોમાં વહીવટદારો નીમવામાં આવ્યા છે અને તલાટી કમ-મંત્રીની સાથે રહી વહીવટદારો દ્વારા ગ્રામ પંચાયતોનો વહીવટ ચલાવવામાં આવી રહ્યો છે. પરંતુ વહીવટદારો નિમવામાં આવ્યા છે, તે ગ્રામ પંચાયતો પૈકી કેટલીક ગ્રામ પંચાયતોમાં ૧૫માં નાણાપંચની ગ્રાન્ટના નાણાં જમા હોવા છતાં કરવા પાત્ર કેટલાક વિકાસ કામો પ્રત્યે ધ્યાન આપવામાં નહીં આવતું હોવાનું જાણવા મળે છે. જોકે, ફતેપુરા તાલુકામાં કોઈ એવું ગામ નથી કે તે ગામમાં સો ટકા ગ્રામ્ય વિકાસ થઈ ચૂક્યો હોય અને તે ગામમાં વિકાસની જરૂરત ન હોય તેવું આઝાદીના દાયકાઓ વિત્યા બાદ પણ જોવા મળતું નથી ! ત્યારે જે તે ગ્રામ પંચાયતમાં આવેલી સરકારી ગ્રાન્ટના નાણાંનો સદ્‌ઉપયોગ કેમ કરવામાં આવતો નથી? તે એક યક્ષ પ્રશ્ન છે. જે-તે ગ્રામ પંચાયતોમાં વહીવટદારોની નિમણૂક કરવામાં આવેલ છે અને તેવી ગ્રામ પંચાયતોમાં નાણાપંચની ગ્રાન્ટના નાણાં જમા હોવા છતાં તે નાણાં દ્વારા કયા કારણોસર વિકાસ કામો કરવામાં આવતા નથી ? તેની જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સહિત રાજય સરકારના જવાબદારો દ્વારા મનોમંથન કરવાની જરૂરત જણાઈ રહી છે.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા તાલુકામાં જે ગ્રામ પંચાયતોમાં વહીવટદારો તથા તલાટી કમ મંત્રીઓ દ્વારા ગ્રામ પંચાયતોનો વહીવટ ચલાવવામાં આવી રહ્યો છે. તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને બાદ કરતા મોટાભાગની ગ્રામ પંચાયતોમાં ૧૫માં નાણાપંચની ગ્રાન્ટના લાખો રૂપિયા ગ્રામ પંચાયતોના નામે જમા હોવાનું જાણવા મળે છે અને આ નાણાં દ્વારા ગ્રામ પંચાયતમાં આવતા વિસ્તારમાં ભૌગોલિક વિકાસ થાય તેવું પ્રજા ઈચ્છતી હોય છે. પરંતુ કેટલીક પંચાયતોમાં વહીવટદારોની નિમણૂક બાદ ગ્રામ વિકાસના કાર્યો ઉપર રોક લાગ્યો હોવાનું જોવા અને જાણવા મળે છે. ત્યારે કદાચ ગ્રામ પંચાયતોમાં સરપંચોના પદ રદ કરી સરપંચો વિના સરકારી કર્મચારીઓને ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ કરવાની જવાબદારી સોંપી દેવામાં આવે તો ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ કેવી રીતે થઈ શકે?તેવો પ્રશ્ન હાલની સ્થિતિને જોતા ઉદભવે તે સ્વાભાવિક બાબત છે.

અહીંયા જણાવવું જરૂરી છે કે, ગ્રામ પંચાયતના સરપંચ જેવા પદ ઉપર બિરાજતા ગામના એક પ્રથમ નાગરિક કે જે કોઈપણ પક્ષનો વ્યક્તિ હોતો નથી અને સરપંચ દ્વારા પોતાની ગ્રામ પંચાયતમાં નિષ્પક્ષપણે વહીવટ કરવાનો હોય છે. તેમ છતાં કેટલાક સરપંચો પક્ષા પક્ષીમાં પડી જતા ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ રૂંધાતો હોય છે અને માની લો કે પક્ષા પક્ષીમાં પડેલા સરપંચ દ્વારા પોતાના માનીતા પક્ષ અને તે પક્ષને માનતી પ્રજાનો વિકાસ આસાનીથી થાય. જ્યારે વિપક્ષમાં માનતા લોકોનો વિકાસ ટલ્લે ચડે તેવું માની શકાય. પરંતુ તલાટી કમ-મંત્રી તથા સરકાર દ્વારા નિમવામાં આવેલ વહીવટદારો સરકારી કર્મચારીઓ છે. અને સરકારી કર્મચારીઓને પક્ષા પક્ષી ન હોય. તેમ છતાં કેટલીક ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રી તથા વહીવટદારો બંને તરફ સાચા સાબિત થવાના ઈરાદે પોતાને મળેલી સત્તાનો દુરૂપયોગ કરે તે કેટલા અંશે વ્યાજબી છે?

અત્રે ઉલ્લેખનીય બાબત છે કે, જે-જે ગ્રામ પંચાયતોમાં વહીવટદારોને એકાદ વર્ષથી ગ્રામ પંચાયતોનો વહીવટ સોપવામાં આવેલ છે. તેવી પંચાયતોમાં વહીવટદારોને વહીવટ મળ્યા બાદ ક્યાં અને કયા-કયા વિકાસ કામો કરવામાં આવ્યા છે ? તેમજ જે ગ્રામ પંચાયતોમાં ગ્રાન્ટના નાણા જમા હોવા છતાં વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા નથી. તેની તાલુકા-જિલ્લા સહિત રાજય સરકારના જવાબદારો દ્વારા તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તો વહીવટદારો સહિત તલાટી કમ-મંત્રીઓને પોતાને મળેલી સત્તાનો કેટલો સદ્‌ઉપયોગ કર્યો છે અને કેટલો દૂર ઉપયોગ થયો ? તેનો ક્યાશ આસાનીથી કાઢી શકાય તેમ છે. સાથે એ પણ તપાસનો વિષય છે કે, ગ્રામ પંચાયતની ગ્રાન્ટ હોવા છતાં કયા કારણોસર તે સરકારી ગ્રાન્ટના નાણાનો ગ્રામ્ય વિકાસના કામ માટે ઉપયોગ નહીં કરી સરકારી વહીવટી તંત્ર માટે શું સાબિત કરવા માંગે છે?તે પણ એક સવાલ છે.

## સિંગવડ તાલુકાના દાસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પેશન્ટ પ્રોવાઈડર મીટીંગ યોજાઈ

દાહોદ,

પ્રધાનમંત્રીના ટીબીમુક્ત ભારત ૨૦૨૫ અભિયાન અંતર્ગત આજ રોજ સિંગવડ તાલુકાના દાસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પેશન્ટ પ્રોવાઈડર મીટીંગ યોજાઈ હતી. જેમાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. શિલ્પા યાદવ અને જીલ્લા ક્ષય અધિકારી ડો. આર. ડી. પહાડીયાના માર્ગદર્શન હેઠળ પેશન્ટ પ્રોવાઈડર મીટીંગ કરવામાં આવી હતી.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આ બેઠકમાં કુલ ૪૭ ટીબીના દર્દીઓ હાજર રહ્યાં હતા તથા ૨૯ ડોટ્સ પ્રોવાઈડર હાજર રહ્યાં હતા. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો સોભના ખરાડી તાલુકા ટીબી સુપરવાઈઝર, આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર આરોગ્ય સ્ટાફ હાજર રહેલ હતો. આ મીટિંગમાં દર્દીઓને દવા નિયમિત લેવાની, સમયસર ગળફાની તપાસ કરાવવી જ્યારે આવતી હોય ત્યારે, દવાની આડઅસર વિષે સમજાવવામાં આવ્યું હતું.

સારવાર દરમ્યાન શું શું ખોરાક લેવો તેનાં વિશે માહીતિ આપવામાં આવી, ગુજરાત સરકારની વૈદકીય સહાય યોજના વિશે માહીતિ આપવામાં આવી હતી. દર્દીના ઘરમાં અન્ય સભ્યોને એક દિવસની પણ ખાસી આવતી હોય તો તાત્કાલિક તપાસ કરવા માટે પણ કહેવામાં આવ્યું હતું.

દર્દીના ઘરમાં ૦-૬ વર્ષનું બાળક સાથે રહેતું હોય તો તેને પણ આઈ. એન. એચ નામની દવા બાળકના વજન પ્રમાણે કુલ ૬ મહીના સુધી બાળકને આપવાની થાય છે. જેથી કરીને બાળકને ટીબીનો ચેપ ન લાગે, દર્દીએ ખાસી ખાતી વખતે મોં ઉપર રૂમાલ અવશ્ય રાખવો ડોટ્સ પ્રોવાઈડરને કોઈ તકલીફ હોય તો તેનું પણ નિરાકરણ કરવામાં આવ્યું હતું.

જો ટીબીનો દર્દી ગળફામાં ટીબીના જંતુ ધરાવતો ટીબી સાથે સારવાર લેતો હોય તો તેના ઘર ના અન્ય સભ્યો ને ૩છ્છં નામની ટેબલેટ ત્રણ મહીના સુધી લેવા માટે સમજાવવામાં આવ્યુ હતું. જેથી કરીને ઘરના અન્ય સભ્યોને પણ ટીબીનો ચેપ ન લાગે. આવો સૌ સાથે મળીને ટીબી ને હરાવીયે, ‘‘ટીબી હારેગા દેશ જીતેગા’’ના સુત્રને સાર્થક કરીએ.

## દાહોદના લીમડાબરા ગામે કુટુંબી વ્યકિતનું મોત નિપજાવા મામલે બે પક્ષો વચ્ચે મારામારી


દાહોદ,

દાહોદ તાલુકાના લીમડાબરા ગામે કુટુંબી એક વ્યક્તિઓનું મોત નીપજતાં આ મામલે થયેલ ઝઘડામાં બે પક્ષો વચ્ચે સામસામે મારામારી થતાં બંન્ને પક્ષના કુલ પાંચથી છ વ્યક્તિઓને શરીરે ઈજાઓ પહોંચતાં તમામને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.



દાહોદ તાલુકાના લીમડાબરા ગામે કૌટુંબીક પરિવાર માંથી એક વ્યક્તિનું મોત નીપજતાં ઉશ્કેરાયેલ મૃતકના પરિવારજનોએ ગામમાં રહેતાં અને તેમનાજ કુટુંબીજનના એક પરિવાર પર પથ્થર મારો તેમજ સામસામે પથ્થર મારામાં તેમજ બંન્ને પક્ષો વચ્ચેની મારામારીમાં લીમડાબરા કાંકરીડુંગરી ફળિયામાં રહેતાં રાજુભાઈ સમસુભાઈ દેવધા, મડીયાભાઈ જાલુભાઈ દેવધા, લલીતભાઈ ફુલજીભાઈ દેવધા, જાલુભાઈ મલાભાઈ દેવધા તેમજ જલાભાઈ દેવધા તેમજ ગામના સરપંચ સહિત પાંચથી છ વ્યક્તિઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં આ તમામ ઈજાગ્રસ્ત વ્યક્તિઓને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

## દાહોદના ટાન્ડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે દર્દીઓને દત્તક લઈ પોષણ કિટનું વિતરણ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

પ્રધામંત્રીના ટીબીમુકત ભારત ૨૦૨૫ અભિયાન અંતર્ગત આજ રોજ દાહોદ તાલુકાના ટાન્ડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ટીબી રોગ નિર્મૂલન માટે જનભાગીદારીથી દર્દીનાં નિર્મૂલન માટે પોષણ સહાય આપવાની યોજનાનો પ્રારંભ કરાયો છે.

જે અન્વયે ડો સચિન મકવાણા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝરની અધ્યક્ષ સ્થાને ન્યુટ્રીશન કીટ વિતરણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં ગામના સામાજીક આગેવાન હરેન્દ્ર નાયક દ્વારા નિક્ષય મિત્ર બનીને ૫ દર્દીઓને દતક લઈને પોષણ કીટ આપવામાં આવી હતી. ડો મુકેશ પડવાલ દ્વારા ૩ દર્દીઓ, સતિન્દ્ર પડવાલ ૧ દર્દી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો સચિન મકવાણા ૩ દર્દીઓ, ફાર્માશિસ્ટ ગોપાલભાઈ ૧ દર્દી, CHO મનીષાબેન વણકર ૧ દર્દી MPHW સુરેશભાઈ ભુરીયા ૧, વોર્ડ આયા સુશીલાબેન ચૌહાણ ૧ દર્દી ને પોષણ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત રવાળીખેડા ગામના સરપંચ કીકાભાઈ નિનામા તથા ગામના આગેવાન દસિયાભાઈ બારીયા દ્વારા પણ નિક્ષય મિત્ર બનીને એક દર્દીને દતક લઈને પોષણ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૮ દર્દીઓને દત્તક લઈ પોષણ કીટ વિતરણ કરવામાં આવ્યુ હતું.

## ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસે ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડી જેલ ભેગો કર્યો

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસે ઘરફોડ ચોરીના નાસતા ફરતા આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે. સુરત જિલ્લાના ગ્રામ્ય ઓલપાડ વિસ્તારમાં ઘર ફોડ ચોરીને અંજામ આપી નાસતો ફરતો આરોપી વણકરભાઈ સવસિંગભાઈ કટારા (રહે. વડવા, કટારા ફળિયુ, તા. ગરબાડા, જી. દાહોદ)નો તેના રહેણાંક વિસ્તારમાં હોવાની બાતમી જેસાવાડા પોલીસને મળી હતી. જે બાતમીના આધારે જેસાવાડા પોલીસે તેના રહેણાંક વિસ્તારમાં ઓચિંતો છાપો મારી વણકરભાઈ સવસિંગભાઈ કટારાને ઝડપી પાડી તેની વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આમ જેસાવાડા પોલીસને ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલા નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.



## દાહોદના નીમનળીયા ગામે ફોર વ્હીલ ગાડીના અકસ્માતમાં ૪ વ્યકિતને ઈજાઓ

દાહોદ,

દાહોદ તાલુકાના નીમનળીયા ગામે એક ફોર વ્હીલર ગાડીને માર્ગ અકસ્માત સર્જાતા ફોર વ્હીલર ગાડીમાં સવાર ૬ પૈકી ૪ વ્યક્તિઓને શરીરે ઈજાઓ પહોંચતાં તેઓને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

દાહોદની ઝાયડસ મેડીકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી આશાબેન ધીરૂભાઈ રાઠોડ (રહે. સુરત) અભ્યાસ કરે છે. આશાબેનના પરિવારજનો શનિવાર અને રવિવારની રજા હોઈ દાહોદ ખાતે આશાબેનને મળવાની સાથે સાથે બે દિવસની રજા માણવા દાહોદ આવ્યાં હતાં અને ગરબાડા તાલુકામાં આવેલ બાવકા શિવ મંદિરે દર્શન કરવા એક ફોર વ્હીલર ગાડીમાં મહિલા સહિત પાંચ વ્યક્તિઓ સવાર થઈ બાવકા શિવ મંદિરે ગયાં હતાં. બાવકા શિવ મંદિરેથી પરત આવતી વેળાએ દાહોદ તાલુકાના નીમનળીયા ગામે ફોર વ્હીલર ગાડીના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં ફોર વ્હીલર ગાડીને અકસ્માત નડ્યો હતો અને ગાડીમાં સવાર મહિલા સહિત ૬ વ્યક્તિઓ પૈકી ૪ વ્યક્તિઓને શરીરે ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે તમામ ઈજાગ્રસ્તોને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.



**સંજેલી ખાતે આવેલ પુષ્પસાગર તળાવની તળેટી પર આવેલ ખોડિયાર માતાના મંદિરનું પુનઃ નિર્માણ કાર્ય પૂર્ણ થતાં ભવ્ય જીર્ણોધાર અને નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભવ્ય સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો. જેમા મોટી સંખ્યામાં ભકતો આસ્થાભેર જોડાયા હતા અને ધન્યતા અનુભવી હતી. માતાજીના મંદિરના પૂજારી સ્વ.મથુરભાઈ પ્રજાપતિની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે પ્રજાપતિ સમાજ દ્વારા ભવ્ય સંતવાણી, અને જીર્ણોધાર ભજન સંધ્યાનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમા નવચંડી યજ્ઞ, પૂજન અર્ચના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભકતો ભજન સંતવાણી કાર્યક્રમમાં જોડાયા હતા અને પૂજન અર્ચના, યજ્ઞ કરી ધન્યતા અનુભવી હતી.**

## દાહોદ જિલ્લાના ખેડૂતોએ તુવેર, ચણા અને રાયડાની લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ માટે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે

દાહોદ,

દાહોદ જિલ્લામાં ખરીફ રવિ સીઝનમાં તુવેર પાકના ટેકાના ભાવે ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા ઈન્ડી એગ્રો કન્સોર્ટિયમ પ્રોડ્યુસર કંપની લી. ઈન્ડી એગ્રો તેમજ ચણા પાક માટે ગુજરાત રાજ્ય કો.ઓ. માર્કેટીગ ફેડરેશન (ગુજકોમાસોલ)નો નોડલ એજન્સી તરીકે સરકાર દ્વારા નિમણુંક કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં તુવેર અને ચણા લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી માટે તુવેરની રૂ. ૬૬૦૦ પ્રતિ ક્વિન્ટલ એટલે કે રૂ. ૧૩૨૦ પ્રતિ મણ અને ચણા રૂ. ૫૩૩૫ પ્રતિ ક્વિન્ટલ એટલે કે રૂ. ૧૦૬૭ પ્રતિ મણ લઘુત્તમ ટેકાના ભાવ જાહેર કર્યો છે. જિલ્લામાં ખરીફ ઋતુમાં તુવેરના પાકનું કુલ ૭૨૩૦ હેક્ટર અને ચણા પાકનું ૪૪૬૯૮ હેક્ટરમાં વાવેતર થયું છે.

જિલ્લા ખેતીવાડી અધિકારીએ ખરીફ રવિ સિઝનમાં તાલુકા પ્રમાણે ચણા અને તુવેર પાક વાવેતરની માહિતી આપી છે. જે મુજબ, દાહોદમાં ૧૩૪૧૨ હેક્ટર ચણા પાક અને ૮૪ હેક્ટરમાં તુવેર પાકનું વાવેતર થયું છે. વિવિધ તાલુકાઓમાં ચણા પાક અને તુવેર પાક અનુક્રમે હેક્ટર પ્રમાણે વાવેતર જોઈએ તો, દેવગઢ બારીયામાં ૯૮૦ અને ૧૯૩૦, ધાનપુરમાં ૩૬૮૭ અને ૧૨૪૨, ફતેપુરામાં ૫૯૨૦ અને ૧૯૩૨, ગરબાડામાં ૬૨૮૫ અને ૨૯૫, ઝાલોદમાં ૯૫૨૮ અને ૨૮૮, લીમખેડામાં ૨૨૪૩ અને ૮૩૪, સીંગવડમાં ૯૯૬ અને ૩૭૯, સંજેલીમાં ૧૯૧૭ અને ૨૪૬ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરાયું છે.

જિલ્લાના ખેડૂતોએ વર્ષ ૨૦૨૨-૨૩ માં તુવેર, ચણા અને રાયડાની લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ માટે ગત તા. ૧ ફેબ્રુઆરીથી આગામી તા. ૨૮ ફેબ્રુઆરી સુધીમાં ગ્રામ્ય કક્ષાએ ઈ ગ્રામ કેન્દ્ર ખાતે વીસીઈ મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. તુવેર, ચણા અને રાયડાની ખરીદીનો સમયગાળો આગામી તા. ૧૦ માર્ચ ૨૦૨૩ થી શરૂ કરાશે. જે ૯૦ દિવસ એટલે કે આગામી તા. ૭ જુન ૨૦૨૩ સુધી ચાલશે. જો કોઈ ઈ-ગ્રામ સેન્ટર બંધ હશે તો તેવા પ્રસંગે નજીકના ગામના ઈ ગ્રામ સેન્ટર ખાતેથી નોંધણી કરવાની રહેશે. જે માટે ખેડૂતોને વધુમાં વધુ ઓનલાઈન અરજી કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ધાનપુરના બીલીયા ગામે બારમાની વિધી માંથી વહેલા ઘર આવવાના મામલે હાથ ભાગ્યો

દાહોદ,

જેસાવાડા પોલીસ મથકની હદમાં આવેલ ધાનપુર તાલુકાના બીલીયા ગામે બારમાની વિધિમાંથી વહેલા ઘરે આવી જવાના મામલે એક ઈસમને હાથ પર લાકડી મારી હાથભાંગી નાંખ્યાનું જાણવા મળ્યું છે. બીલીયા ગામે નિશાળ ફળિયામાં રહેતા ૫૫ વર્ષીય મસુલભાઈ તેરીયાભાઈ ભુરીયા અને તેની પત્ની ૫૪ વર્ષીય કાળીબેન ભુરીયા પરમ દિવસ તા.૨૪-૨-૨૦૨૩ના રોજ સાંજે પાંચેક વાગ્યાના સુમારે પોતાના ઘરે બેઠા હતા. તે વખતે તેના ગામનો દિપાભાઈ માજુભાઈ ભુરીયા હાથમાં લાકડી લઈ મસુલભાઈ ભુરીયાના ઘરે આવ્યો હતો અને બેફામ બિભત્સ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને મસુલભાઈ ભુરીયાને તું કેમ બારમાની વીધિંમાંથી વહેલો આવતો રહેલ છે. તેમ કહી તેના હાથમાની લાકડી મસુલભાઈ તેરીયાભાઈ ભુરીયાને ડામા હાથે કોણીના નીચેના ભાગે મારી ભાંગી નાંખી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ સંબંધે બીલીયા ગામના ગંભીર ઈજાગ્રસ્ત મસુલભાઈ તેરીયાભાઈ ભુરીયાની પત્ની કાળીબેન ભુરીયાએ જેસાવાડા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે બીલીયા ગામના નિશાળ ફળિયાના દિપાભાઈ માજુભાઈ ભુરીયા વિરૂધ્ધ ઈપિકો કલમ ૩૨૫, ૫૦૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના સરકારી ઈજનેરી કોલેજના અધ્યાપક દ્વારા નવી શિક્ષણ પ્રણાલી દ્વારા સફળ પ્રયોગ

દાહોદ,

દાહોદના સરકારી ઈજનેરી કોલેજના વિદ્યુત વિભાગના પ્રતિભાશાળી અધ્યાપક પ્રો. ઈસ્હાક શેખ દ્વારા નવી શિક્ષણ પ્રણાલીનો ઉપયોગ કરીને રિસર્ચ માટેના અત્યંત ઉપયોગી ટૂલ મેન્ડેલી ઉપર ૩૫ થી વધુ ઑનલાઈન વેબિનારનો યોજવાનો સફળ પ્રયોગ કરવામાં આવ્યો છે. આ ટૂલ પર આટલા લેક્ચર આપનાર દેશના તેઓ પ્રથમ પ્રાધ્યાપક છે. પ્રો. ઈસ્હાક શેખ આ ટૂલ માટેના એડવાઈઝરની પદવી ધરાવે છે. આ નવી શિક્ષણ પ્રણાલી મુજબ સરકારી ઈજનેરી કોલેજના પ્રાધ્યાપક દ્વારા વર્ષના દરેક રવિવારે એક વેબિનારનું આયોજન કરવામાં આવતું હતું. આ વેબિનારમાં રાજ્યના દેશ અને વિદેશી રિસર્ચ કરતા વિદ્યાર્થીઓ જોડાતા હતા. આ પ્રયોગ ગત માર્ચ ૨૦૨૨ થી દરેક રવિવારે શરૂ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી ૩૫ થી વધારે વેબિનારનું આયોજન કરીને ૩૫૦૦ થી વધુ રિર્સચ કરતા પી.જી અને પી.એચ.ડી. ના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ટૂલ મેન્ડેલી દ્વારા રિસર્ચ પેપરને ઑનલાઈન કેવી રીતે સર્ચ કરવા, કેવી રીતે ઓનલાઈન સ્ટોર કરવા, રિસર્ચ પેપરને સાઈટેશન કેવી રીતે કરવું, રિસર્ચ પેપરને કેવી રીતે ગોઠવવા માટેનું માર્ગદર્શન આપવામાં આવતું હતું. આ માર્ગદર્શન દ્વારા વિદ્યાર્થીઓને રિસર્ચ પેપર સરળતાથી લખવામાં સફળતા મળી હતી. આ પ્રયોગ માટે રિસર્ચ માટેની સંસ્થાન એલ્સેવિયર નેધરલેન્ડ દ્વારા અભિનંદન આપવામાં આવ્યામાં છે. આ અગાઉ પણ પ્રો. ઈસ્હાક શેખ રિસર્ચ પેપર લખવામાં માટેના અત્યંત ઉપયોગી ટૂલ લેટેક્ષ ઉપર ૧૦૦ થી વધારે વર્કશોપ આપીને ૧૦૦૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનો વિક્રમ ધરાવે છે. એમની આ સિદ્ધિ માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા પેડાગોજિકલ ઈનોવેશન એવોર્ડ આપવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.160

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરાના એક વિસ્તારની ગરીબ પરિવારની ઘરકામ કરી જીવન ગુજારતી યુવતિ સાથે દુષ્કર્મ કરી વિડીયો વાયરલ કરતાં ઘર આંગણેથી જાન પરત ફરી

## આરોપી વિરૂદ્ધ બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

ગોધરા,

ગોધરા શહેરના એક વિસ્તારમાં રહેતી યુવતિને આરોપી પોતાના ઘરે કપડાં-વાસણ અને સાફ-સફાઈ માટે આવતી યુવતિ સાથે મરજી વિરૂદ્ધ બળાત્કાર સંભોગ કરી આરોપી વિડીયો બતાવી સોશ્યલ મીડીયામાં વાયરલ કરી દેતાં યુવતિના લગ્ન માટે ઘર આંગણે આવેલ જાન પરત ફરવાનો કિસ્સો સામે આવ્યો. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા શહેરના એક વિસ્તારમાં રહેતા ચાની લારી ઉપર પરિવાર ચલાવતા તેમજ માતા પણ આસપાસમાં વાસણ-કપડાંનું કામ કરી મહેનત કરતા હોય તે ઘરની ૨૧ વર્ષીય યુવતિ પણ માતા-પિતાને આર્થિક મદદા કરવા માટે કપડાં-વાસણ અને સાફ-સફાઈ કરતી હોય ત્યારે આ પરિવારની પડોશમાં રહેતા આરોપી ઈસમ ઘરે કપડાં-વાસણ અને સાફ-સફાઈ કરવા બોલાવતો હોય અને યુવતિની મરજી વિરૂદ્ધ છેલ્લા અઢી વર્ષથી વધારે સમયથી ગરીબ પરિવારની દિકરીને કામને બહાને ઘરે અને ખેતરમાં કામ બોલાવી મરજી વિરૂદ્ધ બળાત્કાર આચરતો હોય તેમજ આવી હરક્તો પોતાના મોબાઈલનો વિડીયોમાં ઉતારીને યુવતિને વિડીયો વાયરલ કરવાની ધમકી આપી યુવતિ સાથે દુષ્કર્મ આચરેલ હોય જ્યારે આ યુવતિના લગ્ન નકકી થયેલ હોય ઘર આંગણે લગ્નનો માંડવો બંધાયો જાન ઘરે આંગણે આવી હોય તે સમયે આરોપી નરાધમે યુવતિ સાથે આચરેલ દુષ્કર્મની ઉતારેલ વિડીયો સોશ્યલ મીડીયા અને વરરાજાને મોકલી આપતાં ઘર આંગણે આવેલ જાન પરત ફરી આમ નરાધમ આરોપી એ યુવતિનો સંસાર બંધાઈને પહેલા તોડી નાખ્યો હતો. આ બાબતે આરોપી વિરૂદ્ધ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા સાબરમતી હત્યાકાંડની ૨૧માં વર્ષે વી.એચ.પી. દ્વારા હુતાત્માઓને શ્રધ્ધાંજલી-પુષ્પાંજલી કાર્યક્રમનું આયોજન કરાયું



ગોધરા,

ગોધરા સાબરમતી હત્યાકાંડની ૨૧મી પૂણ્યતીથી નિમિતે હુતાત્માની શાંતિ માટે પ્રભાકુંજ સોસાયટી મેદાન ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું.

ગોધરા ખાતે થયેલ સાબરમતી હત્યાકાંડને ૨૭ ફેબ્રુઆરીએ ૨૧ વર્ષ પુરા થયા છે. ત્યાં હત્યાકાંડમાં ભોગ બનેલા ૫૯ કાર સેવકોના હુતાત્માની શાંતિ માટે વિવિધ કાર્યક્રમ રાખવામાં આવતાં હોય છે. જેના ભાગરૂપે વિશ્વ હિન્દુ પરિષદ ગોધરા દ્વારા બાઈક રેલી યોજવામાં આવી હતી. ગોધરા ચાચર ચોક થી વિશાળ બાઈક રેલી સ્વરૂપે સાબરમતી એક્સપ્રેસ ડબ્બા ખાતે પહોંચીને હુતાત્માઓને શ્રદ્ધાંજલી અને પુષ્પાંજલી આપવામાં આવી હતી. સાથે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કાર સેવકોના હુતાત્માની શાંતિ માટે વી.એચ.પી. સુંદરકાંડ આયોજન સમિતિ દ્વારા પ.પૂ.અશ્વિનજી પાઠકના સુમધુર કંઠે સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું.

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી માટે લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓનો વૈજ્ઞાનિક અભિગમ માટે કાર્યક્રમ યોજશે

ગોધરા,

લોક વિજ્ઞાન કેન્દ્રએ પંચમહાલ જિલ્લામાં ગુજકોસ્ટ ગાંધીનગર તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અંતર્ગત ચાલતી સંસ્થા છે. જિલ્લામાં વસતા પ્રજાજનો અને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી લોક વિજ્ઞાન કેન્દ્ર અવનવી પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ભારતમાં વિજ્ઞાન દ્વારા થતા લાભો પ્રતિ સમાજમાં જાગૃત્તિ લાવવા અને વૈજ્ઞાનિક વિચારશ્રેણી જાગૃત કરવાના હેતુ માટે રાષ્ટ્રીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી પરિષદ (નેશનલ સાયન્સ અને ટેકનોલોજી કાઉન્સિલ) અને વિજ્ઞાન તથા પ્રૌદ્યોગિકી મંત્રાલય, ભારત સરકારના ઉપક્રમે દર વર્ષે ફેબ્રુઆરી ૨૮ના દિવસે ભારતમાં ઉજવવામાં આવે છે.



૨૮મી ફેબ્રુઆરીના દિવસે, સર સી.વી. રામન દ્વારા પોતાની શોધની જાહેરાત કરવામાં આવી હતી. આ શોધ માટે તેમને વર્ષ ૧૯૩૦માં નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના ઉપલક્ષ્યમાં લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પંચમહાલ જિલ્લાની માધ્યમિક તથા પ્રાથમિક શાળાઓમાં વિજ્ઞાન ક્ષેત્રે અવનવી પ્રવૃત્તિઓ કરાવામાં આવી રહી છે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનો મૂળ હેતુ યુવાન વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રતિ આકર્ષિત તેમજ પ્રોત્સાહિત કરવા અને સામાન્ય જનતાને વિજ્ઞાન તથા વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રતિ સજાગ રાખવાનો છે. આ દિવસે બધી વિજ્ઞાન સંસ્થાઓ, જેમ કે રાષ્ટ્રીય અને અન્ય વિજ્ઞાન પ્રયોગશાળાઓ, વિજ્ઞાન અકાદમીઓ, શાળા અને કોલેજ તથા તાલીમ સંસ્થાઓમાં વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ સાથે સંબંધિત કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. મહત્ત્વપૂર્ણ આયોજનોમાં વૈજ્ઞાનિકોનાં વકતવ્યો, નિબંધ, લેખન, વિજ્ઞાન પ્રશ્નોત્તરી, વિજ્ઞાન પ્રદર્શન, સેમિનાર અને પરિસંવાદ વગેરે સામેલ હોય છે.

વિજ્ઞાનની મદદથી માનવીએ અનેક અવનવી શોધ કરીને માનવ જીવનને વધુ સરળ બનાવ્યું છે. આજે વિજ્ઞાનના કારણે આપણે અવનવી ટેકનોલોજીનો રોજીંદા જીવનમાં ઉપયોગ કરી રહ્યા છે. કદાચ આપણને તો એ ખ્યાલ જ નહીં હોય કે આપણા રોજબરોજના ઉપયોગમાં લેવાતી કેટલીય ટેકનોલોજી કે, વસ્તુઓ આ વિજ્ઞાનને જ આભારી છે. આના દ્વારા આપણે અશક્ય વસ્તુઓને શક્ય બનાવવામાં પણ સફળ રહ્યા છીએ.

વિજ્ઞાનની મદદથી આપણે રોબોટ, કોમ્પ્યુટર જેવી વસ્તુઓને વિકસાવી છે. તેમજ ટેકનોલોજીની મદદથી આપણે અવકાશમાં ચંદ્ર તથા મંગળ સુધી પહોંચવામાં સફળ થયા છીએ. લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિજ્ઞાન દિવસની વિશિષ્ટ ઉજવણીના ભાગરૂપે ખગોળ વિજ્ઞાન વિશે જીલ્લામાં વસતા નાગરિકો માહિતગાર થાય તેવા હેતુથી ખગોળ વિજ્ઞાન અંગેના સેમિનારનું આયોજન ૪-માર્ચ, શનિવારના રોજ કરવામાં આવ્યું છે. જેના વક્તા તરીકે ભારતના વૈજ્ઞાનિક અને ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી, મુંબઈના પ્રમુખ ડો.જે.જે. રાવલ વક્તવ્ય આપનાર છે.

આ સેમીનાર જીલ્લા પંચાયત પાસે આવેલા BRGF હોલમાં રાખવામાં આવ્યું છે. લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પંચમહાલ જીલ્લાના વેજલપુર, મોરવા હડફ, શહેરા, જાંબુઘોડા, કાલોલ, હાલોલમાં આવેલી શાળાઓમાં વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચીત્ર સ્પર્ધા, વગેરે સ્પર્ધાઓ યોજાનાર છે. પાછલા કેટલાક દિવસોથી લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમ દ્વારા જીલ્લાની શાળાઓમાં વૈજ્ઞાનિક ફિલ્મ શો, હેન્ડ્સ ઓન એક્ટીવીટી, મોડેલ મેકિંગ, પ્રોજેક્ટ નિદર્શન, અંધ શ્રધ્ધા નિર્મુલન વગેરે કાર્યક્રમો પણ આયોજિત થઇ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, પંચમહાલ જિલ્લાના નાગરિકોને અવકાશ દર્શન થાય અને બ્રહ્માંડમાં રહેલા ગ્રહોને પ્રત્યક્ષ આંખ દ્વારા નિહાળી શકે તેવા હેતુથી લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ૧ માર્ચ, બુધવારે કનેલાવ પીકનીક પોઈન્ટ પર ગ્રહ દર્શનનો પણ કાર્યક્રમ સૂચિત કર્યો છે. લોક વિજ્ઞાન કેન્દ્રના કાર્યકારી પ્રમુખ ડો. સુજાત વલીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના દિવસે સૌ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રત્યે ખુબ રૂચી કેળવે અને આપણી આસપાસ જે ઘટનાઓ તથા પરિસ્થિતીઓ સર્જાય છે. તેમાં સૌ જિલ્લાવાસીઓ વૈજ્ઞાનિક અભિગમ, દ્રષ્ટિકોણ કેળવે અને આપણા જિલ્લાનું નામ વિજ્ઞાન ક્ષેત્રે આગળ આવે તેવી પ્રવૃતિઓમાં ભાગ લઇ અગ્રેસર થાય.

# મોરવા(હ)ને વેજમા ગામે ત્રણ રસ્તા ઉપર બાઈક ઉપર લઈ જવાતાં ૧૪ હજારના દારૂ સાથે ઈસમને ઝડપ્યો

મોરવા(હ),

મોરવા(હ)ા તાલુકાના વેજમા ગામે ત્રણ રસ્તા ઉપર પોલીસના પેટ્રોલીંગ દરમિયાન બાઈક ઉપર લવાતા ઈંગ્લીશ દારૂ કિંમત ૧૪,૪૪૮/-રૂપીયા અને બાઈક, મોબાઈલ સાથે ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ)ના વેજમા ગામે ત્રણ રસ્તા ઉપર પેટ્રોલીંગ દરમિયાન શંકાસ્પદ રીતે પસાર થતી બાઈક નં. જીજે..૨૦.એઆર.૨૭૪૭ના ચાલકને રોકીને તપાસ કરવામાં આવી હતી. જેમાં ઈંગ્લીશ દારૂ, બીયર મળી ૧૪,૪૪૮/-રૂપીયા, બાઈક, મોબાઈલ ફોન સાથે કુલ ૩૯,૯૪૮/-રૂપીયાના મુદ્દામાલ સાથે રમેશભાઈ રાયસિંહ માલીવાડને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

# શહેરા-ગોધરા હાઈવે તાડવા પાટીયા પાસે અજાણ્યા વાહનની ટકકરે એક વ્યકિતનું મોત

શહેરા,

શહેરા-ગોધરા હાઈવે માર્ગ પર આવેલ તાડવા પાટિયા પાસે કારને અજાણ્યા વાહને ટક્કર મારતા એકનું ઘટના સ્થળે મોત થયુ જ્યારે એકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

શહેરા-ગોધરા હાઈવે માર્ગ ઉપર રવિવારના રોજ તાડવા પાટિયા પાસેથી કાર નંબર જીજે.૧૭.સીએ.૭૦૯૮ ત્યાંથી પસાર થઈ રહેલ ત્યારે કોઈ અજાણ્યા વાહને ટક્કર મારતા કાર રોડની સાઈડમાં આવેલ ઝાડ સાથે ધડાકાભેર ભટકાઈ હતી. જેને લઈને કારમાં સવાર ગોધરા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરના સર્વોદય નગરમાં રહેતા એચિત વિનોદભાઈ અમીન નામના યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે તેની સાથેના અન્ય એક યુવાન નામે પ્રજેશને શરીર ના ભાગે ગંભીર રીતે ઈજાઓ થતાં તેણે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ સર્જાયેલા અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ વળી જતા કારને મોટાપાયે નુકશાન પહોંચ્યું હતું. તો બીજી તરફ આ અકસ્માતની ઘટના હાઈવે માર્ગ પર બની હોવાથી ઘટના સ્થળ પર વાહનચાલકોના લોકટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ પોલીસને થતાં શહેરા પોલીસ સ્ટાફ પણ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતક એચિતના મૃતદેહને શહેરા સરકારી દવાખાને પોસ્ટમોર્ટમ માટે મોકલી અપાયો હતો. જ્યારે મૃતકના પરિવારજનોમાં આ બનેલા બનાવને લઈને શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

# શહેરાના વલ્લવપુર ગામના કે.પી.મકવાણા સેવા નિવૃત્ત થતાં સમારોહ રાખવામાં આવ્યો



શહેરા,

શહેરા તાલુકાના વલ્લવપુર ગામના કે.પી. મકવાણા દાહોદ ખાતે પી.આર. ઓ (મામલતદાર) તરીકે ફરજ બજાવતા હતા. તેઓ નિવૃત થતાં તેમનો સન્માન સમારોહ વલ્લવપુર ગામ ખાતે રાખવામાં આવ્યો હતો.

શહેરા તાલુકાના વલ્લવપુર ગામના વતની કે.પી મકવાણા પી.આર.ઓ. (મામલતદાર) તરીકે દાહોદ ખાતે ફરજ બજાવતા હતા. તેઓ વયમર્યાદાના કારણે છત્રીસ વર્ષની સેવા આપી નિવૃત્ત થયા હતા. તેઓના માદરે વતન વલ્લવપુર ખાતે સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં આ ગામના આગેવાનો અને સમાજ બંધુઓ, સગા સંબંધીઓ હાજર રહેવા સાથે ફળ, સાલ ઓઢાડીને મોમેન્ટો આપી હતી. આ પ્રસંગે કુબાવત ગાદીપતિ સદ્ગુરૂ બાલકૃષ્ણ વૈષ્ણવ બાપુ પણ હાજર રહ્યા હતા. સાથે સાથે સંતવાણી કાર્યક્રમ પણ રાખવાં આવેલ હતો. સમતા ફાઉન્ડેશન મધ્યગુજરાત, સ્ટેચ્યુ ઓફ ઈક્વાલીટી, સમતા સુધારક મંડળ ૬૩૬, રોહિત સમાજ ૬૩૬ પરગણાંના આગેવાનો સમાજની અનેક સંસ્થાઓ દ્વારા કે.પી. મકવાણાના કાર્ય અને સંસ્મરણો વાગોળી, સંત રવિદાસનો ફોટો, ફળ, મોમેન્ટો, સન્માન પત્ર, આપીને શાલ ઓઢાડી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# હાલોલ ગોલ્ડન ચોકડી પાસેથી અપહરણ થયેલ સાળા-બનેવી પૈકી બનેવીનો મૃતદેહ હાલોલ વિંટોઝ કેનાલ માંથી મળ્યો

હાલોલ,

વડોદરા ગોલ્ડન ચોકડી નજીક દુકાન ધરાવતાં બે વ્યકિતનું બેટરી ચોરી મામલે અપહરણ કરી મારમારી ગોંધી રાખવામાં આવ્યો હતો. તેવા બે વ્યકિત પૈકી રાજુનાથનો મૃતદેહ હાલોલના વિંટોઝ ગામ પાસે નર્મદા કેનાલ માંથી મળ્યો. મૃતદેહ હાલોલ રેફરલ ખાતે ખસેડવામાં આવ્યો.




વિસ્તૃત વિગતો મુજબ વડોદરા ગોલ્ડન ચોકડી નજીક દુકાન ધરાવતા રાજુનાથ અને કૈલાશનાથનું બેટરી ચોરી મામલે અપહરણ કરીને ગોંધી રાખેલ હોય અપહરણકાર ઈસમો દ્વારા સાળા-બનેવી રાજુનાથ અને કૈલાશનાથને માર મારવામાં આવ્યા હતા. વડોદરા ગોલ્ડન ચોકડી પાસેથી અપહરણ કરેલ હોય ત્યારે હાલોલ તાલુકાના વિંટોઝ ગામ નજીક નર્મદા કેનાલ માંથી મૃતદેહ મળતાં મૃતદેહને હાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડતા કેનાલ માંથી મળેલ મૃતદેહની ઓળખ રાજુનાથના પરિવારજનોએ ઓળખ કરતાં વડોદરા ગોલ્ડન ચોકડી સાળા-બનેવી અપહરણના કેસમાં હત્યાનો ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

# દાહોદમાં GSTની સર્ચ ઓપરેશનના પગલે વેપારીઓમાં ફફડાટ

દાહોદ,

દાહોદ શહેરમાં જીએસટી વિભાગના સર્ચ ઓપરેશનના પગલે વેપારીઓમાં ફેલાયો હતો. જેમાં જીએસટી વિભાગની ટીમે દાહોદ શહેરમાં આવેલ એક નામાંકિત પાન મસાલાની હોલસેલની દુકાનમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હોવાનું જાણવા મળી રહ્યું છે.




માર્ચ એન્ડિંગ એટલે કે આખા વર્ષના હિસાબ કિતાબના વાર્ષિક અંત પહેલા દાહોદ જિલ્લામાં અને તે પણ હોળીના તહેવાર ટાણે જીએસટી વિભાગના દાહોદ શહેરમાં સર્ચ ઓપરેશનના પગલે જિલ્લાના મોટા વેપારીઓમાં ફાફડાટ ફેલાઈ જવા પામ્યો છે. દાહોદ શહેરમાં નામાંકિત ગણાતા એવા પાન મસાલાના હોલસેલની દુકાને ધરાવતા વીસનદાસ કરાચીવાલા નામક હોલસેલની દુકાનમાં આજરોજ વહેલી સવારના સમયે જીએસટી વિભાગની ટીમે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. દુકાન સહિત તેઓના નિવાસ્થાને પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે બીજી તરફ આ સર્ચ ઓપરેશન વહેલી સવારથી સાંજ સુધી પણ ચાલ્યું હોવાનું કહેવાય રહ્યું છે. આ સમગ્ર સર્ચ ઓપરેશનમાં કેટલો બિનહિસાબી જીએસટી વ્યવહાર બહાર આવ્યો હશે? તે હાલ જાણી શકાયું નથી, પરંતુ તહેવાર ટાણે દાહોદ જિલ્લામાં જીએસટીની ટીમની પધરામણીને પગલે મોટા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# દે.બારીયાની અસાયડી ગામે ફોર વ્હીલ ચાલક સીંગો વેચતા ઈસમને અડફેટમાં લઈ મોત નિપજાવ્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆના અસાયડી ગામે અન્નપૂર્ણા હોટલની સામે હાઈવે રોડ પર પુરપાટ દોડી આવતી ફોરવ્હીલ ગાડીના ચાલકની ગફલતને કારણે સરગવાની સીંગો વેચી રહેલા ઈસમને અડફેટમાં લઈ પોતાનું વાહન સ્થળ પર મૂકી નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના સરગવાની સીંગો વેચનાર ઈસમને ગંભીર જીવલેણ ઈજાઓ થતાં સ્થળ પર જ તેનું મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે. એક ફોરવ્હીલ ગાડીના ચાલક તેના કબજાની જીજે-૬-પીએ-૦૧૨૧ નંબરની ફોરવ્હીલ ગાડી પરમ દિવસ તા. ૨૪-૨-૨૦૨૩ના રોજ સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી પીપલોદ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ અસાયડી ગામે અન્નપૂર્ણા હોટલની સામે હાઈવે રોડ પર સરગવાની સીંગો વેચનાર અસાયડી ભુત ફળિયાના મંગળસિંહ માવસિંહ પટેલને અડફેટમાં લઈ માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી પોતાના કબજાનું ફોરવ્હીલ વાહન સ્થળ પર મૂકી નાસી ગયો હતો. જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત મંગળસિંહ માવસિંહ પટેલને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવે તે પહેલા જ તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યુ મોત નિપજ્યું હતું. આ સંબંધે અસાયડી ગામે ભૂત ફળિયામાં રહેતા બળવંતભાઈ મગનભાઈ પટેલે નોંધાવેલ ફરિયાદને આધારે પીપલોદ પોલીસે ફોરવ્હીલ વાહનના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી તેનો નંબર પોકેટ કોપ એપ્લીકેશનમાં સર્ચ કરી પોલીસે તેના ચાલકની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# હાટકેશ્વરના 'ખખડધજ' બ્રિજના અહેવાલની અસર : AMC કમિશનરને ગાંધીનગરથી તેડું આવ્યું

અમદાવાદ,

હાટકેશ્વરમાં હાલના જ વર્ષોમાં બનેલા બ્રિજની હાલત જોઈને લોકોમાં ભારે ડર પેસી ગયો છે, આ બ્રિજની જે હાલત થઈ છે તેના કારણે તેની નીચેથી પસાર થનારા અને બ્રિજની નીચે વેપાર ધંધો કરનારામાં ડર પેસી ગયો છે. આ અંગે અહેવાલ પ્રસારિત થયા બાદ તેના પડઘાં છેક ગાંધીનગરમાં પડ્યા છે. બ્રિજને બનાવવામાં કરાયેલી બેદરકારીના અહેવાલ બાદ ગાંધીનગરથી બ્રિજના રિપોર્ટ્સ સહિતની વિગતો મંગાવવામાં આવી છે. હાટકેશ્વરમાં બનેલા છત્રિપતિ શિવાજી મહારાજ બ્રિજની નબળી ગુણવત્તા અંગે સવાલ ઉભા થયા બાદ તે અંગે અહેવાલ પ્રસારિત કરવામાં આવ્યો હતો. આ અહેવાલની અસગ ગાંધીનગરમાં થઈ છે. અહેવાલ પ્રસારિત થયા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેની ગંભીરતાથી નોંધ લીધી છે.

# ગુજરાતમાં પંચાયતી રાજ નામ પૂરતું, સત્તા સરકાર પાસે મલાઈદાર બિનખેતીની સતા સરકાર ભાજપ શાસીત જી પંચાયતને નહિ આપે

એક સમયે જિલ્લા પંચાયત પ્રમુખનો રૂબાબ અને સતા કેબિનેટ મંત્રી સમકક્ષ હતી, પરંતુ અગાઉ જિલ્લા પંચાયતોમાં કોગ્રેસનું શાસન આવ્યું ત્યારે ભાજપની રાજ્ય સરકારે એક પછી એક સતા આચકી લીધા પછી હાલ રાજ્યની જિલ્લા પંચાયતોમાં ભાજપની જ સત્તા હોવા છતાં અને આ સતાધીશોએ બિનખેતી સહિત સતા આપવા માંગણી કરવા છતાં સરકાર તે આપશે નહિ તેમ જાણવા મળ્યું છે. જમીનને બિન ખેતી કરવામાં લાખો કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારનો આક્ષેપ ખુદ ભાજપે અગાઉ કર્યો છે, તો ભાજપની સરકાર આવ્યા બાદ કોંગ્રેસે પણ સવાલ ઉઠાવ્યા છે. બિનખેતી એ જિલ્લા પંચાયતો મા મલાઈદાર સતા ગણાઈ રહી છે. આ સત્તા હવે સરકાર પોતાની પાસે જ રાખવા માગે છે, તેવા નિર્દેશ મળ્યા છે. જિલ્લા પંચાયતોના પ્રમુખો, ઉપપ્રમુખો સહિત પદાધીકારીઓ કે જેવો ભાજપના જ નેતા છે. તેવો તાજેતરમાં મુખ્યમંત્રી પાસે જઈને બિનખેતી ઉપરાંત તલાટી પટાવાળા સહિત ભરતી અને સિક્ષકો સહિત સ્ટાફની બદલી કરવાની સતા પૂર્વવત આપવા માંગણી કરી હતી. પરંતુ સરકાર આવી સતા સોંપવાના મૂડમાં નથી. જોકે, જિલ્લા પંચાયત પ્રમુખ કોઈ સત્તા સહિતના કામો સૂચવી શકે પ્રમુખને મળતાં ભથ્થા વગેરેમાં વધારો કરવા સહિતની માંગણી સરકાર મંજૂર કરે તેવી શક્યતા છે.